Registration of News Paper No. GUJGUJ14363/06/1/2012-TC - Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/-
1st of Every Month - Langauge : GUJARATI

# સહજ-સત્સંગ

Year : 1 Issue :1 Dt. 1-2-2013 Page - 52 માસિક

SAHAJ SATSANG (MONTHLY) Editor : MANSINH K. CHAVDA, Publisher : KAMLESH C. MANDAVIA, Printer : LALIT H. UPADHYAYA Owner : MA SRI ARVIND SADHANA TRUST, Place of Publication : SAHAJ SATSANG KARYALAYA "ARPAN" 259, VRUNDAVAN. OPP. NYARI FILTER PLANT, KALAWAD ROAD, RAJKOT - 360 005. GUJARAT. Printed At LA MERE PRINTERY "ARPAN" 259, VRUNDAVAN, OPP. NYARI FILTAR PLANT, KALAWAD ROAD, RAJKOT - 360 005 GUJARAT



## માતાજીનું બાળક



## મા મીરાંબિકા

Nothing but radical change of consciousness
can deliver the world from its present obscurity.

- The Mother

## આમૂલાગ્ર રૂપાંતરનું મહત્ત્વ

ભાવાનુવાદ

જડ તત્ત્વ અચિત્‌ગ્રસ્ત, સંવેદનહીન ને આળસુ,
ફેરફાર ન એ સહે, છે એવું જ રહેવું ગમે.
અચિત્ સત્ય ચેતનાને, અવરોધરૂપ બની રહે,
જીવન, જગતે અંધાધુંધી, ફેલાવી દૂષણ બને.
રૂપાંતર જ ઉપાય તેનો, આમૂલ ફેરફાર જેને કહે,
તે જ જીવન, જગતને, સ્વચ્છ, પારદર્શક બનાવી દે.
તો જ એ અંધાધુંધી, નિયંત્રણમાં આવશે,
અન્ય ના ઉપાય તેનો, એ દૃઢ તું મનમાં ધરે.

- **શ્રી માતાજી**

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૫ સપ્ટેમ્બર ૧૯૧૪- પૃ.૧૭૮-૧૭૯)



'શા માટે તું તારી દૃષ્ટિને કર્મમાંથી ફેરવી લેવા માંગે છે અથવા દૂર દૂર ઊડી જવા માગે છે ! દૂર - દૂર ગહન ચિંતનની અંદર ?

ભયની સામે..... જોઈ લે અને તે શક્તિની આગળ તે લોપ થઈ જશે.''

આંતર જગતોમાં વિજય પામવો એ પૂરતું નથી, અમારે અત્યંત સ્થૂલ જગતોમાં પણ વિજય મેળવવો જોઈએ..... તારી સર્વ શક્તિમત્તાનો વિજય થશે.

કોઈપણ ભાગે વિજય એ અત્યારનો ધ્યેય-મંત્ર હોવો જોઈએ..... તેના પરિણામો પ્રત્યે આસક્ત છીએ..... અમારે આવા કોઈ કર્મની જરૂર છે..... બધી જ અણધારી વસ્તુઓમાંથી નાસી શકતા નથી એટલા માટે નહિ, પરંતુ તારો અમને આ રીતનો હુકમ છે..... પૃથ્વી ઉપર તારા વિજયનો સમય આવી ગયો છે..... એક સંપૂર્ણ વિજય મેળવવા માગીએ છીએ એટલા માટે !

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુનો સંપૂર્ણ વિજય) | ૩ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (માંદગી કેવી રીતે નિવારશો ?) | ૩૨ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ | **સાંજના વાર્તાલાપો** (સાધનામાં મદદરૂપ અને અવરોધક પરિબળો) | ૩૪ |
| **દિવ્યજીવન** (ઉત્ક્રાંતિનું ચાલક બળ) | ૭ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (માનસિક આદર્શોની તાકાત) | ૩૬ |
| **માતૃવાણી** (માંદગી અને સ્વાસ્થ્ય) | ૧૦ | **આત્મસિદ્ધિ** (દિવ્યપ્રેમ અને તેની કાર્ય પદ્ધતિ) | ૩૮ |
| **સાવિત્રી** (માનવ અને સિદ્ધોનો દષ્ટિભેદ)) | ૧૩ | **જાતકથાઓ** (હૃદય પરિવર્તન) | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (વિજ્ઞાનની ભૂમિકામાં પરિવર્તન) | ૧૭ | **વેદવિજ્ઞાન** (અગ્નિઃ પ્રભુની હાજરીનો પ્રકાશ) | ૪૨ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પ્રાચીન યોગીઓનો યોગ વિષે દષ્ટિકોણ) | ૨૦ | **શ્રી માતાજીનો મહિમા** - શ્રી માતાજીનો મંત્ર | ૪૬ |
| **ઉપનિષદો** (ઉપનિષદનું આયોજન) | ૨૩ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |
| **યોગ પર દીપ્તિઓ** (કેન્દ્રસ્થ સત્તા) | ૨૭ | | |
| **વેદ-રહસ્ય** (અશ્વિનીકુમાર સૂક્તો) | ૨૯ | | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૧ વર્ષ : ૧
ફેબ્રુઆરી - ૨૦૧૩

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# પ્રભુનો સંપૂર્ણ - વિજય

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શ્રી માતાજીની ઈચ્છા એકાંતમાં આત્મચિંતન કરવાની હતી. કર્મોમાં જેટલું ઓછું અટવાઈ જવાય એટલું સારું એમ તમને લાગતું હતું. તેથી.....

પ્રભુ બોલ્યા, ''શા માટે તું ગહન - ચિંતનમાં જ ખોવાઈ જવા માંગે છે ? તે તને ફક્ત આંતરિક વિજય અપાવશે. બાહ્ય વિજયનું શું ? નક્કર જગતના જીવનમાં જે તું આંતરિક રીતે સમજી છે તે મુજબ જીવવાની હિંમત કેળવવી પડશે. તારા અનુભવોને જગતમાં પ્રગટ કરવા પડશે. ત્યાં પણ આધ્યાત્મિક જીવન જીવીને વિજય મેળવવો પડશે. આવો બાહ્ય જીવનમાંનો વિજય જ મહત્ત્વનો છે.''

માતાજીએ તે બધું સ્વીકારી લીધું. માતાજી બોલ્યા, ''પ્રભુ, તારી સર્વ શક્તિમત્તાનો વિજય નિશ્ચત છે. હાલના જીવનમાં તો કોઈ પણ ભોગે વિજય એ જ તેમનો જીવન-મંત્ર બની ગયો છે. એટલા માટે નહિ કે કર્મમાં તેમને આસક્તિ છે. એટલા માટે નહિ કે આવી રીતે પ્રભુનું કાર્ય કરવું એ આજના તબક્કાની તાતી જરૂરિયાત છે. એટલા માટે નહિ કે આ ભીષણ અને અણધારી ઘટનાઓમાંથી બચવાનો કોઈ ઉપાય નથી. પણ એટલા માટે કે પ્રભુ તારો અમને તેવો હુકમ છે. એટલા માટે કે પ્રભુ તારા વિજયનો સમય આવી ગયો છે. એટલા માટે જ કે હવે સમગ્ર ચેતનામાં જ એક સંપૂર્ણ વિજય અર્થાત્ ચેતનાની બધી જ ક્ષમતાઓનો સમન્વયાત્મક વિકાસ ભૌતિક જીવનમાં કરવાનો છે.

તે માટે તે પ્રકાશસ્વરૂપ વિવિધ ચેતનાઓના ધ્યાનથી સમગ્ર - ચેતનાને જીવન દ્વારા પ્રગટ કરવાની ક્ષમતા વધી જાય છે. તે રીતે તે ક્ષમતાઓ વધારીને ભૌતિક જીવનમાં પ્રભુને સંપૂર્ણ રીતે પ્રગટ કરવાના છે. તે જ પ્રભુનો વિજય ગણાશે. તે જ તેમની સર્વશક્તિમત્તા ગણાશે. તે જ સંપૂર્ણ વિજય ગણાશે..

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

**શ્રી માતાજીએ પૂર્ણયોગ વ્યવહારુ ભૂમિકામાં ઊતાર્યો :**

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જેમણે યોગસાધના કરવી હોય તેમણે સંસાર છોડી એકાંતમાં ચાલ્યા જવું જોઈએ. જનસમાજથી દૂર સઘન શાંતિમાં જ પરમાત્માનો સાક્ષાત્કાર થઈ શકે. પરંતુ શ્રી અરવિન્દ તો કહે છે, સમગ્ર જીવન એ યોગ છે. તેમના યોગમાં જીવનનો ત્યાગ નથી પણ જીવનનો સ્વીકાર છે. જીવનમાં રહીને જ પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો છે અને પ્રભુને મેળવ્યા પછી પ્રભુની શક્તિથી પ્રકૃતિનું દિવ્ય-રૂપાંતર કરવાનું છે. પ્રભુની શક્તિથી મન, પ્રાણ અને શરીરની પ્રકૃતિને ધરમૂળથી બદલીને પ્રભુની પ્રકૃતિમાં મૂકી આપવાની છે. આવું રૂપાંતર તો જીવનની સઘળી પ્રવૃત્તિઓનો સ્વીકાર કરીને જ થઈ શકે. શ્રી અરવિન્દે એક પત્રમાં લખ્યું હતું કે ''આપણે આ યોગમાં જગતની કોઈ વસ્તુનો ત્યાગ કરવા માંગતા નથી. રાજકારણ, ઉદ્યોગ, સમાજ, કવિતા, સાહિત્ય, કલા બધી જ વસ્તુઓ કાયમ રહેશે પણ આપણે એ વસ્તુઓને નવો આત્મા, નવું રૂપ આપવું પડશે.'' આ કાર્ય શ્રી માતાજીએ કર્યું. એમણે માનવજીવનને સ્પર્શતી સઘળી પ્રવૃત્તિઓનો શ્રી અરવિન્દ આશ્રમમાં સ્વીકાર કર્યો. આ પ્રવૃત્તિઓને તેમણે નવા રૂપે, નવા આત્મામાં કંડારી અને માનવજીવનમાં યોગ ઊતરી આવે તો નાનામાં નાની પ્રવૃત્તિ પણ કેવી સુંદર બની રહે તે સિદ્ધ કરી આપ્યું ! નાનામાં નાની ક્રિયા દ્વારા પણ પ્રભુનું પૂર્ણ સ્વરૂપ પ્રગટાવી શકાય છે અને દરેક ક્રિયા ભલે પછી સાવ તુચ્છ જણાતી હોય તો પણ તેની દ્વારા પરમાત્મા સાથે અનુસંધાન થઈ શકે છે, એ શ્રી માતાજીએ આશ્રમના અંતેવાસીઓને શીખવ્યું. શ્રી અરવિન્દે ગહન સાધનામાં જે સાક્ષાત્કારો

મેળવ્યા, જે જ્ઞાન પ્રાપ્ત કર્યું; એ સઘળાંને શ્રી માતાજીએ રોજિંદા જીવનમાં ચરિતાર્થ કર્યાં. એમ કહી શકાય કે શ્રી અરવિન્દના યોગને શ્રી માતાજીએ માનવજીવનમાં ઊતારીને, જીવનને પ્રભુમય બનાવવાનો માર્ગ સુલભ કરી આપ્યો. અત્યાર સુધી જે યોગ ગણ્યાગાંઠ્યા મનુષ્યો માટે જ હતો એ યોગને શ્રી માતાજીએ સામાન્ય માનવજીવનને માટે પણ સુલભ કરી દીધો. શ્રી અરવિન્દે આ વિષે એક પત્રમાં શિષ્યોને લખ્યું હતું કે ''જો શ્રી માતાજી ન હોત તો મારું સમગ્ર દર્શન સૈદ્ધાંતિક જ રહ્યું હોત. શ્રી માતાજીએ એને વ્યવહારુ રૂપ આપ્યું.'' શ્રી અરવિન્દના સમગ્ર દર્શનને, માનવજીવનની તમામ પ્રવૃત્તિઓમાં ઊતારીને, સમગ્ર જીવનને દિવ્યતામાં ઢાળવાનું કાર્ય શ્રી માતાજીએ કર્યું. જો શ્રી માતાજી ન હોત તો શ્રી અરવિન્દનો યોગ માત્ર થોડા શિષ્યો પૂરતો જ મર્યાદિત રહ્યો હોત, તો શ્રી અરવિન્દ આશ્રમ કે શ્રી અરવિન્દ સોસાયટીના વિશ્વભરમાં આવેલાં કેન્દ્રો પણ ન હોત અને એ દ્વારા શ્રી અરવિન્દના યોગની જાણકારી સમગ્ર વિશ્વફલક ઉપર જે રીતે થઈ રહી છે, એ પણ શક્ય બન્યું ન હોત ! શ્રી માતાજીનું મોટામાં મોટું બીજું પ્રદાન તો મનુષ્યજાતિને દિવ્ય-રૂપાંતરની યોગની ભેટ આપવાનું છે. શ્રી માતાજીએ યોગ દ્વારા જીવનને પૂર્ણ બનાવવાની જાણે જાદુઈ ચાવી આપણને આપી દીધી છે ! યોગ દ્વારા પ્રભુ સાથેનો સીધો સંપર્ક કરાવી આપ્યો છે. હવે કોઈ પણ મનુષ્ય યોગ દ્વારા પ્રભુનાં બારણાં ખટખટાવી શકે, તેટલી સરળતા શ્રી માતાજીએ કરી આપી છે. આ બધું વિચારોમાં કે કલ્પનામાં નહીં, પણ નક્કર વાસ્તવિકતામાં શક્ય છે; એના પ્રત્યક્ષ દૃષ્ટાંતો પણ તેમણે આપણી સમક્ષ શ્રી અરવિન્દ આશ્રમના સાધકોની સઘળી પ્રવૃત્તિઓ દ્વારા મૂક્યાં છે. અંતરમાં અભીપ્સા-ઉત્કટ પ્રાર્થનાનો ભાવ હોય, હાથોથી પ્રભુને અર્પણરૂપે કાર્યો થતાં હોય, અને હૃદય દિવ્યશક્તિ પ્રત્યે ખુલ્લું હોય તો પરમાત્મા દૂર નથી. જ્યાં પરમાત્માની દિવ્ય-ચેતના છે ત્યાં આનંદ છે, સંવાદિતા છે, પ્રેમ છે, શક્તિ છે; તેથી ત્યાં જીવન મધુર છે. કાર્યો જ્યાં સાધનારૂપ છે, ત્યાં જીવનની ગતિ આનંદમાંથી આનંદ પ્રત્યે વહે છે, પ્રકાશમાંથી પ્રકાશ પ્રત્યે વહે છે. શ્રી માતાજીએ પૂર્ણયોગને માનવજીવનમાં પ્રસ્થાપિત કરીને માનવજાતિને માટે

પરમાત્માનો સૂર્યપ્રકાશિત માર્ગ તૈયાર કરી આપ્યો છે. આપણે તો એ માર્ગ પર સડસડાટ ચાલ્યે જવાનું છે. શ્રી અરવિન્દને અને એમને આ માર્ગ કંડારવામાં જે કષ્ટો સહેવા પડ્યાં એમાંના કોઈ કષ્ટો આપણે સહેવા નહીં પડે, કેમ કે હવે શ્રી માતાજીએ પૂર્ણયોગ દ્વારા પ્રભુને જીવનમાં ઊતારી લાવવાનો સીધો માર્ગ તૈયાર કરી આપ્યો છે.

**આધ્યાત્મિક માતૃત્વ :**

જન્મદાત્રી માતા બાળકને જન્મ આપીને પાલનપોષણ કરીને મોટું કરે છે જ્યારે શ્રી માતાજીએ પોતાની સમીપ આવનારાં સર્વ બાળકોની ભૌતિક જરૂરિયાતો તો પૂરી પાડી જ હતી, પણ એથી ય વિશેષ આંતરિક જરૂરિયાતો પૂરી પાડીને તેઓ પોતાનાં બાળકોને આત્માના અલૌકિક પ્રદેશમાં લઈ જતાં હતાં. દુન્યવી જીવન નહીં પણ આત્માના સાચા જીવનની ભેટ આપતાં હતાં. આ સંદર્ભમાં શ્રી અરવિન્દે શિષ્યને પત્રમાં લખ્યું હતું કે ''જેઓ શ્રી માતાજીનો સ્વીકાર કરે છે, તે સર્વની અને શ્રી માતાજીની વચ્ચેનો સંબંધ એક આધ્યાત્મિક માતૃત્વનો છે. સ્થૂળ રીતે જન્મ આપનારી માતાને પોતાના બાળક સાથે જે સંબંધ હોય છે, તે કરતાં પણ અનેકગણો મહાન આ સંબંધ રહેલો છે. માણસોને તેમની મા પાસેથી જે કંઈ મળે છે, તે બધું જ શ્રી માતાજી આપે છે અને તે પણ ઘણી ઉચ્ચ રીતે. આ ઉપરાંત બીજી વસ્તુઓ પણ શ્રી માતાજી સાથેના સંબંધમાં રહેલી છે.'' શ્રી માતાજી ફક્ત શ્રી અરવિન્દ આશ્રમના અંતેવાસીઓનાં જ મા નહોતાં, પણ તેઓ તો સમગ્રવિશ્વનાં માતા હતાં. તેમની પાસે જે કોઈ આવતું, તે સર્વેને તેઓ આત્માના અસીમ આનંદમાં મૂકી આપતાં. જેઓ શ્રી માતાજીને એક ક્ષણ માટે પણ મળ્યા છે, તેઓ તેમને ક્યારેય ભૂલી શકતાં નથી. સંસારનાં સઘળાં દુઃખોને વિલીન કરી દેતું એમનું દૈવીસ્મિત, આંખો વાટે માનવના તમસનાં સઘળાં આવરણોને ભેદીને આત્માના પ્રદેશમાં સીધી ઊતરી જતી એમની પારદર્શક દૃષ્ટિ, અને ભૌતિક-દુન્યવી જીવનની પેલે પાર પ્રભુના દિવ્ય સામ્રાજ્ય પ્રત્યે ચેતનાનો ઉઘાડ કરી દેતો એમનો દિવ્ય-મધુર સ્પર્શ ! બધું જ અલૌકિક,

(અનુ.પૃ.૪૫ ઉપર)

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## ઉત્ક્રાંતિનું ચાલક બળ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ વાસ્તવિકતાને લીધે માનવમાં જન્મજાત રહેલું અમરતાનું, આનંદનું, પ્રકાશનું અથવા પરમપ્રભુનું આકર્ષણ સમજી શકાય એમ છે, કારણ તે અજાણતાં જ પોતામાં ગુપ્ત રહેલી આ ચેતનાની ઊર્ધ્વ અવસ્થાઓથી અર્ધસભાન છે અને તેથી જ તે તેની અભીપ્સા સ્વરૂપે પ્રકટ થઈ રહી છે.

ઉત્ક્રાંતિ શા માટે આગળ વધી રહી છે અથવા તેનું પ્રેરણા બળ શું છે તે પણ આથી સ્પષ્ટ થશે. માનવી-સ્વરૂપમાં રહેલી ચેતનાની આ બીજ-સ્વરૂપ અવસ્થાઓ જ તેને ઉત્ક્રાંત થવા અર્થાત્ તે ઊર્ધ્વ ચેતનાઓને પ્રકટ કરવા ધકેલી રહી છે અને તે જ ઉત્ક્રાંતિ સ્વરૂપે ભૌતિક સ્તરે પ્રકટ થઈ રહ્યું છે, ઉત્ક્રાંતિનો ઉગમ અને પ્રેરણા આ રીતે પરમ-ચેતનામાંથી થયેલ છે એ નિશ્ચિત. જડ તત્ત્વ જેમ પ્રાણી-નિર્માણ કરવાની પ્રયોગશાળા છે, પ્રાણી જેમ માનવ-નિર્માણ કરવાની એક જીવંત પ્રયોગશાળા જ છે, તેમ માનવ પોતાને અતિક્રમવાનો પ્રયત્ન કરી રહ્યો છે, એ એક વાસ્તવિકતા છે.

ઉત્ક્રાંતિ આ પરમ-ચેતનાનો સર્વાંગપૂર્ણ અને કાયમી આવિર્ભાવ કરવા મથી રહી છે એમ કહેવું વધારે યોગ્ય થશે. ભૌતિકવાદીઓ, અજ્ઞેયવાદીઓ અને બૌદ્ધિકો આ આંતરપ્રેરણાને એક ભ્રમ તરીકે ખપાવવા પ્રયત્ન કરે છે. પણ જ્યારે જ્યારે પણ માનવે પોતાને ફક્ત ભૌતિક-જીવનમાં જ રચ્યાંપચ્યાં રહેવાનો પ્રયત્ન કરેલ છે ત્યારે જીવનથી અત્યંત અસંતુષ્ટ થઈને એક તીવ્ર પ્રત્યાઘાત તરીકે તે અધ્યાત્મ તરફ વળ્યો છે, આનો ઇતિહાસ સાક્ષી છે.

અધ્યાત્મ એટલે પોતાની ચેતના બાબતનું વાસ્તવિક જ્ઞાન. ''આત્મ'' એટલે ચેતના અને 'અધિ' એટલે તેને લગતું જ્ઞાન. આ જ શુદ્ધ અધ્યાત્મ છે.

અંધશ્રદ્ધાઓ, ગૂઢ માન્યતાઓ તો, આ અધ્યાત્મને સમજવાના અધૂરા અને અપૂર્ણ પ્રયત્નો માત્ર છે. આપણે આ વૈશ્વિક-ઉત્ક્રાંતિની પ્રક્રિયાને બૌદ્ધિક રીતે સમજવાની તો છે જ પણ આ માનવના આંતરિક સત્યોને આપણી આંતર-પ્રેરણાઓથી પણ અનુભવીને તેમનું શુદ્ધ બૌદ્ધિક સ્પષ્ટીકરણ મેળવવાનું છે. અંધવિશ્વાસ અને અંધશ્રદ્ધાનાં બાવાજાળાં સાફ કરતાં કરતાં ઉત્ક્રાંતિની આ વૈશ્વિક-પ્રક્રિયાને ચેતનાના આવિર્ભાવના વિકસિત થતા તબક્કા તરીકે અનુભવવાનાં છે. વેદો આવી અવસ્થાને 'ૠતંભરા પ્રજ્ઞા' તરીકે વર્ણવે છે. ૠત એટલે 'બીજસ્વરૂપે રહેલું સત્ય'. હજી અપ્રકટ સત્યોનો અણસાર ઝીલી તેને સમજીને ધારણ કરનારી બુદ્ધિ એટલે પ્રજ્ઞા, પણ બુદ્ધિ અને પ્રજ્ઞામાં એક તફાવત છે. બુદ્ધિ એ માનવનું જાણવાનું એક સાધન છે. પણ પ્રજ્ઞા તો માનવને આ પ્રકારે નિસર્ગે આપેલા બધાં જ સાધનોની વિવેકપૂર્ણ ઉપયોગ કરનારી અને બધાં જ સાધનોમાં સમન્વય સાધનારી માનવની અંદર રહેલી એક આંતરિક પ્રકાશમય ચેતનાની અવસ્થા છે. પ્રકર્ષેણ જ્ઞાયતે ઇતિ પ્રજ્ઞા. જે સર્વાંગપૂર્ણ રીતે જાણે છે તે પ્રજ્ઞા. નિસર્ગે આપણને જાણવાનાં અનેક સાધનો આપેલાં છે, જેમાં બાહ્ય જ્ઞાનેન્દ્રિય, આંતર જ્ઞાનેન્દ્રિય, મન, બુદ્ધિ, હ્દય, આંતરપ્રેરણા અને ચૈતસિક પ્રત્યક્ષ જ્ઞાન જેવાં એકથી એક સૂક્ષ્મ અને વિશાલ સાધનો છે. આ બધાંનો ઉપયોગ પ્રજ્ઞા કરતી હોય છે.

પરમ-ચેતનાના સર્વ સ્તરોને સમન્વયાત્મક રીતે ભૌતિક સ્તરે પ્રકટ કરતું જીવન એ જ દિવ્ય-જીવન છે. આવા દિવ્ય-જીવનને સાકાર કરવા જ માનવનો જન્મ થયેલ છે, કારણ આ દિવ્ય-જીવન મારફત જ પરમ-ચેતના પોતાને સર્વાંગપૂર્ણ રીતે પ્રકટ કરવા સમર્થ બને છે અને ત્યારે જ પરમ-ચેતનાનો આદિ સંકલ્પ સિદ્ધ થાય છે. પરમ પ્રભુનો સંકલ્પ છે- 'એકોહમ્ બહુસ્યામ્'. હું એક છું. અનંતરૂપે પ્રકટ થાઉં. પરમ-ચેતના નિરાકાર સ્વરૂપે, બીજસ્વરૂપે એકરસ છે. ચિદ્ ઘન છે. તેને ભૌતિક સ્તરે અનંત સ્વરૂપે પ્રકટ થવું છે અને તે અનંત સ્વરૂપો પણ પરમ-ચેતનાના કોઈ એક ખાસ પાસાને સર્વાંગપૂર્ણ રીતે પ્રકટ કરતાં થવાનાં છે. પ્રભુ પોતાની આંતરશ્રીને, આંતરવૈભવને, ભૌતિક સ્તરે વાસ્તવિક કરવા

માગે છે. આ તેનો સંકલ્પ જ ઉત્ક્રાંતિ રૂપે પ્રકટ થઈ રહ્યો છે. માનવે તે સંકલ્પને સમજીને તેને સહકાર આપવાનો છે, જેથી તે પરમ પ્રભુનું એક હાલમાં બીજસ્વરૂપે રહેલ સ્વરૂપને ભૂમિ ઉપર વાસ્તવિક કરી શકે.

ઉત્ક્રાંતિને આગળ ધપાવવા જે શક્તિ કામે લાગી છે તે પોતે પ્રકાશમય છે. પ્રકાશ સ્વરૂપ છે. તે જ્યારે ઉત્ક્રાંતિના કોઈ નવા તબક્કા દ્વારા પ્રકટ થાય છે ત્યારે વેદો તેને ઉષા કહે છે. આ નવી ઉષા ભૂતકાળની બધી ઉષાઓનું સારતત્ત્વ ધારણ કરે છે અને ભાવિની ઉષાઓને વહેલી ઉગવા માટે અનુકૂળ વાતાવરણ અને પૂર્વભૂમિકા સર્જી આપે છે તેથી જ 'કુત્સ આંગિરસ' ઋગ્વેદમાં જણાવે છે કે What is her (Usha's) scope when she harmonies with the downs that shown out before and those that now must shine ? She desires the ancient mornings and fills their light; projecting forward her illumination.

ઉક્રાંતિની ગંગોત્રી સ્વરૂપ પરમ-ચેતનાના આદિસંકલ્પને સક્રિય થવાની પ્રાર્થના કરતાં વામદેવ ઋગ્વેદમાં પ્રાર્થના કરે છે કે –

That which is immortal in the mortals and possessed of the truth, is a god and established inwardly as an energy working out in our powers..... Become high - uplifted, O strength, pierce all veils, manifest in us the things of the Godhead.

પરમ-ચેતનાના આદિસંકલ્પનો જ આપણી દરેકની અંદર એક અંશ સ્થાપિત કરેલ છે. તે અંશે આપણામાંની દૈવી-પ્રકૃતિના ઘટકોનો ઉપયોગ કરીને આપણા હૃદયમાં ચૈત્યપુરુષ તરીકે આકાર ધારણ કરેલ છે. તે ચૈત્યપુરુષ જ આપણી ઉત્ક્રાંતિનું ચાલક બળ છે, જે આપણી અશુદ્ધ પ્રકૃતિને ઉજાગર કરતો કરતો, બધાં જ આવરણોનો નાશ કરતો કરતો આપણામાંના પરમ પ્રભુ તરીકે ભૌતિક સ્તરે વાસ્તવિક બનવાનો છે. આ પ્રક્રિયા જલદી બને તેવી વામદેવની અભીપ્સા છે.

આ રીતે માનવમાં રહેલી આ અભીપ્સા ઉત્ક્રાંતિનું ચાલક બળ બની રહે છે.

(ક્રમશઃ)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# માંદગી અને સ્વાસ્થ્ય

**(માતૃવાણી ભા.૧૫, પૃ. ૧૧૩-૧૩૭)**
**(ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)**

પ્રકરણ - ૨૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ યોગ તંદુરસ્તી આપે છે, માંદગી લાવતો નથી. પૃ.૧૧૩

૨ સારા સ્વાસ્થ્યમાં રૂપાંતરનો માર્ગ છે તેથી નિયમિત સક્રિય-જીવન, શારીરિક-કાર્ય, પૂરતું અન્ન, સુંદર ઊંઘ જરૂરી છે. પૃ.૧૧૩

૩ શરીરમાં પૂર્ણતા લાવવા તેણે દિવ્ય-બળો પ્રત્યે ખુલ્લા થવું જરૂરી છે. પૃ.૧૧૩

૪ આંતર-સમતુલા જ સારા સ્વાસ્થ્ય તરીકે બહાર પ્રગટ થાય છે. પૃ.૧૧૩

૫ જગતમાં સુખ અને સ્વાસ્થ્ય સામાન્ય પરિસ્થિતિ બનવી જોઇએ. પૃ.૧૧૩

૬ વિરોધી-તત્ત્વોથી સંરક્ષણ સ્વાસ્થ્ય માટે જરૂરી છે. પૃ.૧૧૩

**માંદગીનાં આંતરિક કારણો**

૧ માંદગી આપણા સ્વરૂપમાંની અચેતનતાનું સ્થાન દર્શાવે છે. ત્યાં પ્રકાશ મૂકવાની ટેવ પાડો. પૃ.૧૧૪

૨ બાહ્ય-સમર્પણમાં આંતરિક-સમર્પણ મળવું જોઇએ, તો જ એકાંતમાં સાધના શક્ય છે. પૃ.૧૧૪

૩ શારીરિક-પુરુષના પ્રત્યાઘાતો જ શારીરિક-તકલીફરૂપે પ્રગટ થાય છે. પૃ.૧૧૪

૪ રોગ વિષે જ વિચાર કરવો એ રોગને લંબાવવાનો અને ગંભીર બનાવવાનો

પ્રયત્ન થઈ જાય છે. પૃ.૧૧૪

૫ આંતર-સ્વરૂપમાંની અસમતુલા બહાર રોગ તરીકે પ્રગટ થાય છે. પૃ.૧૧૪

૬ જે વસ્તુ આપણામાં અશુદ્ધ, અપ્રકાશિત અને પરિવર્તન વગરની રહે છે તેને રોગ પ્રગટ કરે છે. તેને શુદ્ધ પ્રકાશમય અને પરિવર્તિત કરવાથી રોગ-નિવારણ થઇ સ્થિરતા પ્રાપ્ત થાય છે. સ્થિરતા એટલે મૂઢતા, જડતા નહિ; પણ આંતરિક એકાગ્રતાની અખંડ-સ્થિતિ. પૃ.૧૧૫

૭ માંદગી વિરોધીબળોએ લીધેલી પરીક્ષા છે. પૃ.૧૧૫

૮ અહંકારની આધ્યાત્મિક અણસમજણ અને સંકુચિત ચેતના એ મુશ્કેલીઓને નોતરે છે. પૃ.૧૧૫

## ભીતિ અને માંદગી

૧ ભીતિની રચનાને તમારી ઉપર સવાર થવા ન દેતા. પૃ.૧૧૬

૨ ભય અવચેતનમાંથી આવે છે. 'શું બનશે' તેની ચિંતા ભય નિર્માણ કરે છે. પ્રભુમાંના વિશ્વાસને નબળો પાડે છે. સમર્પણને ઘટાડે છે. પૃ.૧૧૬

૩ આવી ભીતિનો વ્યવહારિક ઉપાય એ છે કે આપણા સ્વરૂપમાંના પ્રકાશિત ભાગોમાં સમર્પણભાવને વધુ જાગૃત કરવો. પ્રભુકૃપા બધાને જ કાયમ મદદમાં હોય છે એવો વિશ્વાસ કેળવવો. શરીરનું મૂળતત્ત્વ પોતે પ્રભુ જ છે. તેના કાર્યમાં વિઘ્ન ન નિર્માણ કરીએ તો તેઓ મદદ કરશે જ. આ વસ્તુ માંદગીને નિયંત્રણમાં લાવશે. પૃ.૧૧૭

૪ શરીરના કોષોમાં દિવ્ય-શક્તિ સ્થાપવાથી રોગમાંથી મુક્તિ મળે છે. હિંમત, સ્થિરતા અને વિશ્વાસથી પ્રકાશને કોષોમાં ઉતારી તેઓ ધારણ કરે એવો દૃઢ સંકલ્પ રચો. કોષો પોતે જ રોગનો પ્રતિકાર કરવા માંડશે, તેમનો આત્મવિશ્વાસ વધશે. પૃ.૧૧૭

૫ બે વસ્તુથી જ રોગ-નિવારણ થાય છે : (૧) ભયથી મુક્તિ (૨) પ્રભુકૃપામાં પૂર્ણ વિશ્વાસ. પૃ.૧૧૮

## ચિંતા અને ખોટા વિચારો

૧ માંદગીને ભૂલતાં શીખો. તેમાં વિકૃત રસ ન લો. પૃ.૧૨૦

૨ હોજરીના દર્દ અને ઍસિડિટી ૯૦% ચિંતાયુક્ત ખોટી વિચારસરણીનાં પરિણામો છે. તેને શારીરિક પાયો ઓછો હોય છે. પૃ.૧૨૦

૩ ખોટી માન્યતાઓ પણ રોગ નિર્માણ કરે છે. પૃ.૧૨૦

૪ ખોટાં સૂચનો ભયની રચના કરે છે, જે માંદગીને આમંત્રે છે. પૃ.૧૨૧

૫ દર્દ અનુભવવું એ ચેતનાની સ્થિતિ ઉપર આધાર રાખે છે. નિર્લેપ-ચેતના દર્દ ઓછું અનુભવે છે. પૃ.૧૨૧

૬ દર્દ તરફ વળેલી ચેતનાને ઊર્ધ્વ તરફ, પ્રભુ તરફ વાળો અથવા અન્ય કામમાં, તો દર્દ ઘટશે. પૃ.૧૨૧

૭ પરમાત્માનું એક સત્ તત્ત્વ, પરમ-શુદ્ધ અસ્તિત્વ જગતની ઉપર અને પાછળ તેમ જ તમારા મસ્તકની ઉપર રહેલ છે. તેના સંપર્કમાં અને તેની સાથે સભાન એકતામાં રહેવાથી શારીરિક તકલીફો નાબૂદ થશે.પૃ.૧૨૧

૮ નિર્બળ પ્રાણબળ માંદગી લાવે છે. તેને મજબૂત મનોબળથી ફરી નિરોગી અને સબળ બનાવી શકાય છે. પૃ.૧૨૨

૯ રોગમુક્તિનો દૃઢ સંકલ્પ કરો, જેથી વિરોધીબળને માતાજીએ હાંકી દીધાં પછી અન્ય બળ તેની જગ્યા લઈને માંદગી શરૂ ન રાખે. પૃ.૧૨૨

૧૦ માંદગી શરીરમાંનું જૂઠાણું છે. તેને દૃઢ-મનોબળથી હાંકી કાઢો. પૃ.૧૨૩

**કામનાઓ ઉપર સંયમ**

૧ વિચારો, લાગણી અને શરીરની કુટેવો છોડવાથી તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. કામનાઓ એ લાગણીની કુટેવ છે અને તે બાબતના વિચારોમાં રસ લેવો એ મનની આ બધી કુટેવો છૂટવી જરૂરી છે. પૃ.૧૨૩

૨ કામનાઓ ઉપર કાબૂ ન હોય તો આધ્યાત્મિક-શક્તિઓ પણ કામ નથી કરતી કારણ તે શક્તિઓને ગ્રહણ કરવાની ક્ષમતા જ તે વ્યક્તિમાં હોતી નથી. પૃ.૧૨૩

૩ ખોરાક માટેની લાલસા ઉપરનો કાબૂ તમને આરોગ્ય બક્ષશે. પૃ.૧૨૩

૪ શાંત રહો, આંતરિક રીતે એકાગ્ર રહો, ઊર્ધ્વબળને તમારામાં કાર્ય કરવા દો. તેની સામે માંદગી ટકતી નથી. પૃ.૧૨૪

૫ ધીરજ ગુમાવવી એટલે રોગને વધુ વકરવા દેવો, શાંત શ્રદ્ધા જ રોગને રોકે

(અનુ.પૃ.૨૨ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## માનવ અને સિદ્ધોનો દૃષ્ટિભેદ

પ્રકરણ - ૧૪

(Savitri B-1, C-4, P-53-54)

Inheritor of the brief animal mind,
Man, still a child in Nature's mighty hands,
In the succession of the moments lives;
To a changing present is his narrow right;
His memory stares back at a phantom past,
The future flees before him as he moves;
He sees imagined garments, not a face.

માનવ હજી તો પ્રાણીની કક્ષાએ જ વિકાસ પામી રહ્યો છે. શરીર માનવનું, પણ મન પ્રાણી જેવું વિકારોથી દોરવાતું (animal mind) જાણે નરસિંહ અવતાર ન હોય? પ્રાણીજગતનો આ તેને વારસો મળેલ છે. (Inheritor) કુદરતને જે રીતે માનવને વિકસાવવો છે તેથી માનવ હજી કોષો દૂર છે તેથી કુદરત માટે તો માનવ એક બાળક જેવું છે. (child) કુદરત તેને કઠોર રીતે ઘડી રહી છે, કારણ માનવ વિકાસ કરે એ તેની અપેક્ષા છે તે માટે તે પોતાની બધી ક્ષમતાઓ વાપરી રહી છે. (mighty hands) અને માનવને હાથવગી કરી આપે છે. વિજ્ઞાનનો નેત્રદીપક વિકાસ એ કુદરતની મહેરબાની જ છે પણ હાલમાં તો માનવ પ્રવાહ-પતિતની જેમ જ જીવી રહ્યો છે. સંયોગોને આધીન ઢસડાઈ રહ્યો છે તેમાં સંકલ્પબળે ફેરફાર કરવાની તાકાત તેની પાસે નજીવી માત્ર

છે (a narrow right) કારણ તે અગાધ (phantom) ભૂતકાળ તરફ જોઈ તે નિર્ણય લે છે. પાછલા અનુભવોના આધારે નિર્ણય લે છે. ભવિષ્ય તો તેને હાથવગું થતું જ નથી. તેનું જીવન જેમ વીતે છે તેમ ભવિષ્ય તેની બે ડગલાં આગળ જ ચાલતું હોય છે, તે આગળ ને આગળ લાગતું હોય છે, છટકી જતું હોય છે. (flees) તેનાં બાહ્ય લક્ષણો સમજે છે તે પણ પોતાની શક્તિ અનુસાર જ (imagined garments) પણ તેનું નર્યું સત્ય અને હાર્દ (face) તે પકડી શકતો જ નથી.

Armed with a limited precarious strength.
He saves his fruits of work from adverse chance,
A struggling ignorance is his wisdom's mate.
He waits to see the consequence of his acts,
He waits to weigh the certitude of his thoughts,
He knows not what he shall achieve or when;
He knows not whether at last he shall survive,
Or end like the mastodon and the sloth
And perish from the earth where he was king.

તેની શકિત અને ક્ષમતા આંખે વળગે એટલી ઓછી અને અશુદ્ધ છે (precarious) કાર્ય કરતી વખતે પ્રતિકૂળ જણાતી પરિસ્થિતિ (adverse chance) તેમાં પરિણામરહિત થવામાં જાણે મદદરૂપ થઈ જાય છે. તે તેમાં પણ કર્મ-ફળને બચાવવાનો પ્રયત્ન કરે છે. તેની વિવેકબુદ્ધિને થોડું ઘણું મદદરૂપ થાય એવું તેનું સંઘર્ષ કરતું અજ્ઞાન જ છે (struggling ignorance) પોતે અપૂરતા જ્ઞાનને લીધેલા નિર્ણયો બાબત તેને પોતાને જ ખાતરી હોતી નથી, તેથી શંકા આવી વારંવાર પોતાના નિર્ણયોની ફેરતપાસણી કરે છે, મૂલ્યાંકન કરે છે. (weigh) તે આ કાર્યના પરિણામ સ્વરૂપે શું થશે તેની તો ખાતરી હોતી જ નથી પણ તેને પરિણામો ક્યારે આવશે તેની પણ ખાતરી નથી. આવી રીતે જીવન સંઘર્ષમય જીવતા જીવતા પોતે આવી પરિસ્થિતિમાં કેટલો ટકી રહેશે એની પણ તેને ખાતરી હોતી નથી અને મેમોથ જેવા કાલબાહ્ય ઠરેલા પ્રાચીન સુસ્ત

પ્રાણીઓના જેમ (mastodon and sloth) તેની સમગ્રજાતિ પૃથ્વી ઉપરથી નાશ પામશે એનો પણ તેને મનમાં ડર જ છે. જે પૃથ્વી ઉપર તેણે રાજ્ય કર્યું છે તે જ તેની કબર બનવાની શક્યતા તે નકારી શકતો નથી.

He is ignorant of the meaning of his life,
He is ignorant of his high and splendid fate.
Only the Immortals on their deathless heights
Dwelling beyond the walls of Time and Space,
Masters of living, free from the bonds of Thought,
Who are overseers of Fate and Chance and Will
And experts of the theorem of world-need.
Can see the Idea, the Might that change Time's course,
Come maned with light from undiscovered worlds,
Hear, while the world toils on with its deep blind heart.

માનવ પણ એવું જ પ્રાણી છે જેને હજી પોતાના જીવનનો હેતુ ખબર જ હોતો નથી. તેને હજી પોતાના ઉચ્ચ અને અદ્‌ભુત, ભવ્ય નિયતિની જાણ હોતી નથી. જીવનની આવી ભવ્ય નિયતિ અને ગતિ બાબત તો પેલા મૃત્યુની પેલીપારની દુનિયાના (deathless height) અમર દિવ્યઆત્માઓ (Immortals)ને ખબર હોય છે, જેઓ સ્થળકાળની મર્યાદાઓની (walls of Time and Space) પેલેપારના જગતોમાં રહે છે. જેઓ દિવ્યજીવન જીવવાની કળાના તજ્જ્ઞ હોય છે અને માનવી-આદર્શો, નીતિમત્તા અને અહંકારી જીવનના વિચારોથી મુક્ત હોય છે. તેઓ આઘેઆઘેના ભવિતવ્યના જાણકાર હોય છે. (overseers) તેઓની નિયતિ શું છે ? (Fate) તેઓમાં રહેલી ક્ષમતા શું છે ? અને તેનો હાલના તબક્કે ઉપયોગ કરવાનો કેવો મોકો છે (chance) અને તે મોકાનો પૂરેપૂરો ફાયદો ઊઠાવી લેવાની લોકોની જાગૃતતા કેવીક છે (will)? તેઓ કુદરતનો એ સિદ્ધાંત (Theorem) જાણે છે કે જ્યાં સુધી સમગ્રજગત તે વસ્તુની તીવ્ર અને એકમાત્ર અભીપ્સા ન સેવે (World-need) ત્યાં સુધી ઉપર મુજબની નિયતિ વાસ્તવિક બનાવી શકય નથી. પણ જો લોકો તે

બાબત એક વખત પણ બરાબર સભાન બની જશે, તેમના મનમાં તે કલ્પના ઠસી જશે (Idea) તો તે જાગૃતિમાં જ એટલું સામર્થ્ય છે (Might) કે તે કાળના પ્રવાહની દિશાને જ બદલી નાખશે. (Time's Course) કારણ તે જાગૃતિ જ ઊર્ધ્વમાંના હજી અજ્ઞાત એવા અતિમનસ જગતમાંથી, દિવ્ય જ્ઞાન અને પ્રકાશ ધરાવતા માનવીઓને (maned with the light)ના આગમનના ભણકારા તેઓ સાંભળી શકે છે (hears) પણ સમસ્ત જગત તો પોતાના અથાગ અજ્ઞાનભર્યા હૃદયથી (deep blind heart) પોતાનાં હવાતિયાં ચાલુ જ રાખી પરિશ્રમ કરતું હોય છે.

The galloping hooves of the unforeseen event.
Bearing the superhuman rider, near
And, impassive to earth's din and startled cry,
Return to the silence of the hills of God;
As lightning leaps, as thunder sweeps, they pass
And leave their mark on the trampled breast of Life.

તે સિદ્ધ-પુરુષો નજીકમાં જ કોઈ અનપેક્ષિત ઘટના બનવાની છે તેની ઘોડદૌડની જાણે ટાપો સાંભળતા હોય છે. (galloping hooves) તે ઘટનાઓ ઉપર સવાર થઈને અતિમાનવો પ્રગટ થતાં તેઓ અનુભવે છે. આ દિવ્ય-આત્માઓ હવે જાણે ત્રસ્ત પૃથ્વીનાં આર્ત અને કરુણ હિબકાં સાંભળી ઉતાવળ કરતાં લાગે છે (din and startled cry) તે આર્તનાદમાં પ્રભુની ચેતનાના ગિરિકંદરાઓમાં અનુભવાતી શાંતિમાં પાછા પરતવાનો પુકાર હોય છે. ધરાતલે આ માનવી જીવનનો જે વૈશ્વિક પ્રવાહ વહી રહ્યો છે તેની ઉપર તે દિવ્ય-આત્માઓ પોતાનાં પદચિહ્નો છોડી જાય છે. આ કાર્ય એટલી ઝડપથી કરવામાં આવે છે કે જાણે વીજળી ધરતી ઉપર તૂટી પડતી હોય અથવા આકાશમાંથી ક્ષણમાત્રમાં પ્રસાર થઈ જતી હોય ! પૃથ્વી ઉપર ક્રાંતિકારી ઉથલપાથલના જાણે શ્રીગણેશ મંડાયા હોય !

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# વિજ્ઞાનની ભૂમિકામાં પરિવર્તન

(ભા.-૧, પૃ.૨૦૮-૨૩૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

અનુભૂતિને પોતાની રીતે પૂર્ણ ખીલવા કોઈ પૂર્વગ્રહ કે ખ્યાલ ન બાંધવો જોઈએ. તેમાં સમર્પણની અપેક્ષા છે. તે ચૈતસિક અને આધ્યાત્મિક બે રીતે રચાય છે. ચૈત્યપુરુષના ભાવો સ્વીકારવાથી ચૈતસિક-ભક્તિભાવથી સમર્પણ રચાય છે. વૈશ્વિક-ચેતના સાથે એકરૂપ થઈને પ્રભુના દિવ્ય-પ્રેમ સાથે કરેલા તાદાત્મ્યથી આધ્યાત્મિક-સમર્પણ રચાય છે. તેમાં પોતે પ્રભુનું કરણ છે એવો ભાવ હોય છે. આવી ભૂમિકા રચાયા બાદ જ દિવ્ય-પ્રેમ અને આનંદ આપણા સ્વરૂપમાં અવતરણ પામે છે.

વિજ્ઞાનીની પોતાની શોધખોળમાંની એકાગ્રતા ને નિવૃત્તિ, યોગીની પોતાની સાધનામાંની એકાગ્રતા અને નિવૃત્તિથી અલગ પ્રકારની હોતી નથી. તે વસ્તુ જ બંનેને તેમના ધ્યેય પ્રત્યે લઈ જાય છે.

યોગીની પ્રકૃતિ પ્રભુના પ્રેમને શાંતિ, પ્રકાશ, વિશ્વાસ, શ્રદ્ધા વગેરે સ્વરૂપે પ્રત્યુત્તર આપતી હોય છે. તે ચેતનાની વિશાળતા પણ ધારણ કરે છે. પ્રભુની હાજરી અનુભવાવી એ સહુથી ઉત્તમ પ્રતિભાવ છે. અંતે, પ્રભુ તેની પ્રકૃતિનો કબજો લે છે. તેનું રૂપાંતર કરીને પોતાના કાર્ય મુજબ નૂતન ઘાટ આપે છે અને પછી તેને કરણ તરીકે વાપરે છે. માર્ગદર્શન માટે આ અવસ્થામાં ભક્ત પ્રભુનો નાનકડો, શાંત અવાજ પણ સાંભળી શકે છે.

યૌગિક - એકાગ્રતાથી ત્રણ અવસ્થા સર્જાય છે :

૧ તંદ્રાવસ્થા, જેમાં લોકોને તે વ્યક્તિ ઊંઘી ગયો છે એમ લાગે છે પણ તે વ્યક્તિ આંતરિક રીતે પૂર્ણ સજાગ હોય છે.

૨ સચેતન સહજ સમાધિ-અવસ્થા, જેમાં બહારની વસ્તુઓ બાબત યોગી સભાન હોવા છતાં આંતરિક-એકાગ્રતામાં વધુ પરોવાએલો હોય છે.

૩ ગાઢ સમાધિ જેમાં બાહ્ય-જગતનું ભાન તદ્દન જતું રહેતું હોય છે.

આ ત્રણે અવસ્થામાં તે શાંતિ, શક્તિ અને દિવ્ય-માર્ગદર્શન મેળવી શકતો હોય છે.

પ્રભુ તો સર્વકાળ હાજર જ હોય છે, પણ પડદા પાછળ રહીને કાર્ય કરતો હોય છે. તેના પ્રત્યુત્તરને તમે સમજતા થાઓ તેની તે વાટ જોતો હોય છે.

યોગીની એક 'પશ્યંતિ-બુદ્ધિ' વિકાસ પામે છે, જેમાં તેના માર્ગદર્શન માટે તેના શાંત ચિત્તના પડદા ઉપર વિવિધ દૃશ્યો સર્જાતાં હોય છે જે તેના માર્ગદર્શન માટેના સંકેતો પૂરા પાડે છે.

માનવની ચેતનાને બદલવા માનવતાવાદ, સમાજકલ્યાણ, આદર્શવાદ વગેરે મેદાને પડ્યાં છે પણ તેઓ ચેતનામાં મૂળભૂત ફેરફાર લાવી શકતા નથી. માનવની ચેતનાને અહંકારમાંથી મુક્તિ અપાવી શકતા નથી.

વિજ્ઞાનની ભૂમિકા ભૌતિક-જીવન માટે યોગ્ય હોવા છતાં આધ્યાત્મિક ક્ષેત્રમાં તે કાંઈક ચૂકી ગએલ હોય છે. ભૌતિક-સત્યનો આગ્રહ તેને તે ભૂલ કરાવે છે.

અધ્યાત્મને પણ બે વસ્તુથી અપાય થવાની શક્યતા છે :

(૧) સાંપ્રદાયિકતાનું આંધળું ઝનૂન. આને કારણે માનવવંશમાં ઘણા અત્યાચાર નોંધાયા છે.

(૨) ગુહ્યવાદના છીછરા પ્રયોગો દા.ત. પ્રાણમય - ગૂહ્યવાદ જે મૃતઆત્માઓને બોલાવી વિગતો જાણે છે. આ બન્ને વસ્તુઓ અધ્યાત્મ નથી પણ તેને તેમ માનવામાં આવે છે, કારણ આધુનિક વિચારવંતો મન અને આત્માને એક જ ગણે છે.

કલ્પના, કવિતા, સંગીત પોતે અધ્યાત્મમાંના વિષયો નથી પણ તેમને આધ્યાત્મ તરફ વાળી શકાય છે. તેઓ પ્રાણમય મૂલ્યોનું સર્જન વધુ કરે છે, આધ્યાત્મિક મૂલ્યોનું નહિ. આધ્યાત્મિક મૂલ્ય તો તે વસ્તુઓને વાપરતી ચેતના નિર્માણ કરે છે.

હવે વિજ્ઞાન પણ પોતાની મર્યાદા સમજવા માંડ્યું છે. તેમનું પોતાનું અલગ ક્ષેત્ર, પદ્ધતિ અને સાધનો હોય છે. તેઓ માનતા થયા છે કે આ દશ્યમાન જગત

પાછળ જે સત્ય રહેલું છે તે બાબતમાં તેઓ નિશ્ચિત રીતે જણાવી શકતા નથી. માનસશાસ્ત્રીય-સંશોધનોએ વિજ્ઞાનને હવે અધ્યાત્મની પાસે લાવવાનું કાર્ય કર્યું છે. પહેલાનો અતિરેકી વિચાર કે અધ્યાત્મ પ્રયોગાત્મક વિજ્ઞાનનો એક ભાગ તરીકે રહેવો જોઈએ અને અમરત્વ એટલે માનવયોનિનું સાતત્ય એ સિવાય કાંઈ નથી. આ પ્રકારના વિચારો લિસનર માસિકમાં જે પ્રગટ કરવામાં આવેલા તે આગ્રહ હવે છૂટતો જાય છે.

અધ્યાત્મમાં વૈજ્ઞાનિક-પ્રયોગાત્મક પદ્ધતિ જ વપરાવી જોઈએ એ આગ્રહ છૂટી ગયો છે.

ભૌતિકવાદ અધ્યાત્મને નુકસાન કરે છે પણ તેનું પણ એક રચનાત્મક કાર્ય હોય છે. નવા આધ્યાત્મિક-સત્યોને જગ્યા આપવા જૂની આધ્યાત્મિક માન્યતાઓને ધોઈ નાખી ત્યાં જગ્યા તૈયાર કરવાનું કામ ભૌતિકવાદ કરતો હોય છે.

ધર્મ અને વિજ્ઞાન વચ્ચેનો સંઘર્ષ આ યુરોપમાં થએલી ઘટના છે. ભારતમાં તેવો સંઘર્ષ રચાયો જ નથી અને તેથી જ ભારતમાં અધ્યાત્મ અને વિજ્ઞાન બન્નેનો પૂર્વ સારો વિકાસ થએલો હતો.

જગતમાં ફક્ત ભૌતિક-શક્તિઓ જ છે એવું હવે વિજ્ઞાન માનતું નથી. તેને કારણે તેણે અધ્યાત્મને પણ જગ્યા કરી આપી છે.

કાર્લ માર્ક્સ્ માનવજાતિના જીવનમાંની બધી ઘટનાઓનાં મૂળ આર્થિક સમસ્યાઓ છે એવું માનતો હતો અને તેથી વર્ગસંઘર્ષ થતો. આ સિદ્ધાંત પણ હવે પૂરેપૂરો સાચો માનવમાં આવતો નથી. સહકારથી પણ આર્થિક ઉન્નતિ થઈ શકે છે એવું લોકો માનતા થયાં છે.

આઈન્સ્ટાઈનનો સાપેક્ષતાવાદ ભૌતિક-જગતમાંનો છે તેવો જ સાપેક્ષવાદ ઈશ ઉપનિષદમાં ચેતનાનો દર્શાવેલ છે. કારણ ચેતના પોતાના દૃષ્ટિબિંદુથી પોતાને તુલનાત્મક રીતે દર્શાવવા બ્રહ્મા, દેવો, માનવો, પ્રાણીઓના રાત-દિવસની તુલના કરી પોતાને દર્શાવેલ છે. આપણી ઈન્દ્રિયોની મર્યાદાની પેલે પારનું જ્ઞાન જ સત્ય છે. તે જ્ઞાન તાદાત્મ્ય દ્વારા જ પ્રાપ્ત થાય છે તે બધી સાપેક્ષાતાથી પર છે.

સારાંશ, વિજ્ઞાને પોતાની જડ ભૂમિકા બદલી છે અને અધ્યાત્મ બાબતમાં તેણે હવે રચનાત્મક ભૂમિકા લેવાની શરૂઆત કરી છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# પ્રાચીન યોગીઓનો યોગ વિષે દૃષ્ટિકોણ

પ્રકરણ - ૨૧

(પૃ.૧૧૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 The realisations etc. of Ramkrishna and Chaitanya themselves brought with them the peace and light during Samadhi... so that it was not particularly noted. P. 115

2 It happens that people may get the descent without noticing that it is a descent because they feel the result only. P. 115

3 The ordinary Yoga does not go beyond the spiritual mind... people feel at the top of the head (but not outside and above) the joining with the Brahman, but they are not aware of a consciousness above the head. P. 115

4 In the same way in ordinary Yoga one feels the ascent of the awakened lower consciousness (Kundalini) to the brahmarandhra (Top of the head) where the Prakriti joins the Brahman-consciousness. P. 115

5 They do not know the nature, principle or place (of the descent) in a complete Sadhana. P. 115

6 The old Yogins when they went above the spiritual mind passed into Samadhi, which means that they made no attempt to be conscious in these higher planes. P. 115

7 Their aim being to pass away into the Superconscient and not to bring the superconscient into the waking consciousness. P. 115

શ્રી અરવિન્દને એક ભાઈએ પ્રશ્ન પૂછેલો. તેના મતે શ્રી રામકૃષ્ણ અને ચૈતન્યને આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ આનો અર્થ તેમના આધારમાં શાંતિ પ્રથમથી જ અવતરણ પામેલી હશે. તેઓ ભાવ-સમાધિમાં ચાલ્યાં જતાં અને તેમાં જે તીવ્રતમ અનુભૂતિઓ આવતી તેની સાથે જ શાંતિ અને આનંદ અવતરણ પામતાં હશે તેથી તેમને તે ધ્યાન બહાર રહેવાની શક્યતા વધારે છે.

શ્રી અરવિન્દે આ વિશે જણાવેલું કે ઘણા યોગીઓ આવા શાંતિ, શક્તિ, આનંદ, મુક્તિ, પ્રકાશ, વિશાળતાનાં અવતરણ બાબત બેખબર હોય છે. તેઓ ફક્ત તે વસ્તુ તેમના ચિત્તમાં પ્રગટ થાય એ જ અનુભવી શકતા હોય છે. બાકી બાબતમાં અભાન જ રહેતા હોય છે.

બીજું પણ એક કારણ છે. સામાન્ય યોગપ્રણાલી સાધકને આધ્યાત્મિક ચેતનાના કક્ષા સુધી જ લઈ જઈ શકે છે. આધ્યાત્મિક ચેતના વૈશ્વિક-ચેતનાનો અક્ષરપુરુષનો સાક્ષાત્કાર કરી શકે છે. પણ વિશ્વાતીત-ચેતનામાં, પુરુષોત્તમમાં પ્રવેશી શકતી નથી. આ વૈશ્વિક-ચેતનાના સાક્ષાત્કાર વખતે સાધકની ચેતના ભ્રૂમધ્ય અથવા તેથી ઉપર મસ્તકના ટોચના ભાગમાં કેન્દ્રિત થયેલી હોય છે. વિશ્વાતીત-ચેતનાનો સાક્ષાત્કાર તો મસ્તકની ઉપર ઊર્ધ્વમાં દસ આંગળ ઉપર અંતરિક્ષમાં ચેતના સ્થિર થાય ત્યારે જ આવે છે. સામાન્ય યોગીઓ આ કક્ષાએ પહોંચવાનો પ્રયત્ન જ કરતા નથી.

તેવા યોગીઓ આ રીતે આધ્યાત્મિક-મનમાં જ રહેતા હોય છે. અતિમનસમાં આરોહણ કરતા નથી. કુંડલિની-યોગમાં પણ કુંડલિની બ્રહ્મરંધ્ર અર્થાત્ મસ્તકના ટોચમાં રહેલ વૈશ્વિક-ચેતનામાં જવાના માર્ગ પાસે જ આવીને સ્થિર થઈ જાય છે. ત્યાં પ્રકૃતિ અને પુરુષ એકબીજાના સંપર્કમાં આવીને પ્રકૃતિ પુરુષ પાસેથી પ્રેરણાઓ લે છે. ત્યાં બ્રહ્મચેતનાના જ નિષ્ક્રિય ભાગ સ્વરૂપ અક્ષરબ્રહ્મનો અનુભવ થાય છે, જેને શિવ-શક્તિનું સાયુજ્ય તરીકે તંત્ર ઓળખાવે છે. પણ સક્રિય-બ્રહ્મનો જે તેથી પણ ઉપરની કક્ષાએ અનુભવ થાય છે તે બાકી રહી જાય છે. તેનો અનુભવ ન થવાથી પેલી સક્રિયતામાંથી અવતરણ પામતી દિવ્ય-શક્તિ સ્વરૂપ શાંતિ, વિશાળતા વગેરેનાં અવતરણનો પણ અનુભવ થતો નથી.

આને કારણે અવતરણનું સ્વરૂપ શું છે ? તેમાં કયાં તત્ત્વો હોય છે ? તેનું

પૂર્ણયોગમાં મહત્ત્વ શું ? તેના આધારે થતું નિમ્નપ્રકૃતિનું અને ચેતનાનું રૂપાંતર શું છે ? તે કેવી રીતે થાય છે ? એ બાબત તે યોગીઓ જાણી શકતા નથી.

તેમને એમ જ લાગે છે કે નિમ્નપ્રકૃતિને શાંત કરી દઈએ એટલે કામ પૂરું થઈ ગયું. તેને કારણે ચિત્ત સ્થિર શાંત થઈ ગયું તો તે બ્રહ્મનું પ્રતિબિંબ ઝીલવાને યોગ્ય થઈ ગયું, તેથી તેમનો યોગ પૂર્ણ થયો એમ માની બેસે છે.

જો કોઈ યોગી અક્ષરબ્રહ્મ કે આધ્યાત્મિક-ચેતનાથી ઉપર જાય તો તે સીધેસીધો સમાધિમાં પ્રવેશી જાય છે. કારણ તેની માન્યતા જ એવી છે કે બ્રહ્મ એટલે અચલ, નિષ્ક્રિય બ્રહ્મ જ. તેવી સમાધિમાં તેમનો આગળના વિકાસનો પ્રયત્ન જ બંધ પડી જાય છે. તેઓ અક્ષરબ્રહ્મની ઉપર પણ ચેતનાનાં સ્તરો છે એ જાણતા જ નથી. તેઓ કદાચ અતિમનસમાં પ્રવેશી જાય છે પણ ત્યાંથી નિમ્નપ્રકૃતિનું રૂપાંતર કરતા જ નથી. આપણો પૂર્ણયોગ અતિમનસ ચેતનાને જાગૃત અવસ્થામાં લાવી સ્થિર કરવા મથે છે. આ જ આપણા પૂર્ણયોગનું નવીનતમ પાસું છે.

---

(અનુ.પૃ.૧૨ ઉપરથી)

## માતૃવાણી

છે. પૃ.૧૨૪

૬ દવાઓ શરીરને રોગમુક્તિનો વિશ્વાસ આપે છે. દિવ્યકૃપા જ રોગ-નિવારણ કરે છે. પૃ.૧૨૪

૭ સાચા દિલથી પ્રાર્થના કરો, 'પ્રભુ, તારી ઇચ્છા પૂર્ણ થાઓ'. આયુષ્ય હશે તો તમે રોગમુક્ત થશો, નહિ હોય તો તે દેહત્યાગ માટેની સાચી ભૂમિકા રચશે. પૃ.૧૨૫

૮ પ્રભુની ઇચ્છા ને સ્થિર-સમર્પણ એ જ મહત્ત્વનું છે. પૃ.૧૨૫

૯ ઊર્ધ્વમાંથી ઉતરતા બળ તરફ એકાગ્ર રહો. પ્રભુને તમારા શરીર માટે જે કરવાનું છે તે કરવા દો. પૃ.૧૨૫

૧૦ તમારા કોષોમાં શાંતિ અને અચંચળતાને ઉતારો, તે શાંતિ અને અચંચળતા જ આરોગ્ય બક્ષશે. પૃ.૧૨૫

૧૧ નાડીતંત્રમાં શાંતિને સ્થાપન કરો. પૃ.૧૨૬ (ક્રમશઃ)

# ઉપનિષદો

- શ્રી અરવિન્દ

## પ્રભુ અને જગતની એકરૂપતા

(પૃ.૩૪-૪૨)

પ્રકરણ - ૩

1. God is one stable and eternal reality. He is one because there is nothing else. P. 34
2. The world is a cyclic movement (Sansara) of Divine consciousness in space and Time. P. 34
3. The motion of the world works under the government of a perpetual stability. P. 35
4. Unity is the eternal truth of things, diversity a play of the unity. The sense of unity is knowledge Vidya. The sense of diversity Ignorance, Avidya. P. 35

5 Chit is the free and all-creative self awareness of the Absolute regarding itself variously. Chit is not only knowledge but will too. P. 36

6 Creation is self I projection of Brahman. P. 36

7. These three attitudes (eternally different, eternally one yet different and the pure identity) which are complementary truths. P. 37

8 Vidya and Avidya are equally eternal powers of Chit. P. 37

9 Oneness is essential nature of being multiplicity... becoming, both are brahman P. 37-38

10 The Gods are cosmic personalities others, separative consciousness of many. P. 38

11 Brahman is both beginning and the end cause and the result. P. 38

12 It (Brahman) contains all eventualities and potentialities. P. 39

13 It is symbolically experessive of Unknowable. P. 39

14 This selfunfolding is governed by its cosmic action. P. 39

15 It constitutes itself into seven forms or grades of activities... P. 40

16 Universal life evolves out of it its different forms and serves as a basis for all their evolutions P. 40

17 All life is a constant becoming sambhuti (of verse 12-14). P. 40
18 Sat is the divine counterpart of physical substance. P. 41
19 Chit-Tapas is the divine counterpart of vital energy. P. 41
20 Ananda is the divine counterpart of the lower emotional and sensational pleasures. P. 41
21 The divine sachchidananda is unified, self existenent- therefore amrutam. Immortality. P. 41
22 The higher divine is linked to the lower mortal existence by vijnana, the truth. P. 41
23 Vijnana as the truth leads the divided consciousness back to the one. P. 41
24 Vijnana is the divine counterpart of the intelligence. P. 42
25 The infolding and unfolding of the one is... the law of the eternally recurrent cosmic cycles. P. 42
26 We have to see Brahman as both the stable and the moving. P. 42
27 It is transcendental, universal and individual brahman which is the object of realisation, which is the condition of prefection and the way of Immortality. P. 42

જગત અને પ્રભુ બન્ને અલગ અલગ લાગવા છતાં તે બન્ને એક જ બ્રહ્મતત્ત્વનાં બે પાસાં માત્ર છે. પ્રભુ જ જગતરૂપે પ્રગટ થઈ રહ્યો છે. પ્રભુ એક જ શાશ્વત અને સનાતન સત્ય છે. તેના સિવાય અન્ય તત્ત્વ ન હોવાથી તે એક જ છે. તે સ્થળકાળથી પર હોવાથી તે અમર છે. તેનામાં વધઘટ નથી.

પ્રભુરૂપ દિવ્યચેતનાની ચક્રાકાર ગતિ એટલે જ આ સંસાર. સંસારમાંની દરેક વસ્તુ અને વ્યક્તિ પ્રભુરૂપ દિવ્યચેતનાનું સ્થળકાળમાં રચાએલું વમળ માત્ર છે. તે વમળ ભૌતિક અણુઓનું બહારથી દેખાય છે પણ ખરેખર તે પ્રભુકૃપા દિવ્યચેતનાનું જ છે. જે શક્તિરૂપ છે. દ્રવ્યરૂપ નથી. તે જ વિવિધતા રચે છે અને એકતા પણ; જેમ મન વિવિધ કલ્પનામય વસ્તુઓનું કલ્પના જગત રચે છે તેમ.

પણ જગતની રચનારી આ શક્તિ માનસિક નથી. તે તો સ્વસભાન પરમ-ચેતનાની શક્તિ છે, તેથી પ્રભુ પોતાના આવા કાર્યોથી બંધાતા નથી. તેને મન તે એક હળવી રમત માત્ર છે. આમ, જગતની ગતિવિધિઓનું નિયંત્રણ પ્રભુરૂપ સનાતન તત્ત્વ જ કરે છે.

વસ્તુમાત્રની એકતા એ જ સનાતન સત્ય છે અને વિવિધતા એ તો પેલી એકતાની આંતરિક સમૃદ્ધિ અને રમત માત્ર છે, તેથી મૂળભૂત એકતાની ભાવના એ જ્ઞાન છે અને મૂળભૂત વિવિધતાનું જ્ઞાન એ અજ્ઞાન છે.

ગણિતમાં એકતા ભ્રામક હોય છે. દા.ત. ૧૦ના આંકડાની એકતા. તેનાં અનેક વિભાગો છે જે જુદા પડી શકે છે. ચેતનામાં દેખાતી વિવિધતા સમુદ્ર ઉપરની લહેર જેવી છે જે એકદૃષ્ટિથી લહેર હોવા છતાં સમુદ્રથી અલગ નથી. દરેક વસ્તુમાં સમગ્ર જગત છુપાએલું છે. બાહ્ય આકાર ભલે જુદો હોય. પ્રભુની એકતા સ્થળકાળમાં પણ રહે જ છે અને સ્થળકાળથી પર પણ રહે જ છે. આ સત્-તત્ત્વની જ એકતા અને વિવિધતા છે.

ચિત્ તત્ત્વ ફક્ત જ્ઞાન નથી સંકલ્પ પણ છે. તે જાણે પણ છે અને સર્જન પણ કરે છે. તેમાં જ્ઞાનાત્મક, સર્જનાત્મક બન્ને શક્તિ છે. તે જેની ઈચ્છા કરે તે તરત બની જાય છે.

આમ, જગત એટલે પ્રભુની સંકલ્પશક્તિનું આવું સર્જન છે. તે પ્રભુની શક્તિનાં જ આવિર્ભાવ સ્વરૂપ છે.

બ્રહ્મતત્ત્વ પોતાની જ અભિવ્યક્તિ રૂપ જગતથી પોતે અલગ સાક્ષીભાવે પણ રહી શકે છે.

આમ, વ્યક્તિ બ્રહ્મતત્ત્વ તરફ ત્રણ વલણો ધારણ કરી શકે છે :

૧. જગત બ્રહ્મતત્ત્વથી સનાતન કાળ માટે અલગ જ રહેવાનું છે.

૨ બ્રહ્મ અને જગત મૂળતઃ એક હોવા છતાં અલગતાનો ભાસ રચે છે.

૩ બ્રહ્મ અને જગત કાયમીસ્વરૂપે એક જ છે. અલગતા ભ્રમ માત્ર છે.

આ ત્રણ વલણો સત્ય જ છે. તે એકીસાથે અસ્તિત્ત્વ ધરાવે છે અને એકબીજા સાથે સંબંધિત છે. એકબીજા વગર પૂર્ણતા પ્રાપ્ત કરી શકતા નથી. બ્રહ્મની પૂર્ણતામાં ત્રણેનો સમાવેશ થઈ જાય છે.

પરંતુ આનો અર્થ આ પૂર્ણતા એ કાંઈ ખાલીખમ અવકાશ નથી. તે સમયમાં રચાએલું બધું જ છે અને સમયથી પર છે તે પણ તે જ છે.

સારાંશ, વિદ્યા એટલે એકતાનું જ્ઞાન અને અવિદ્યા એટલે વિવિધતાનું જ્ઞાન; બન્ને સાચાં જ છે. ફક્ત વિદ્યા કે ફક્ત અવિદ્યા એ પૂર્ણ જ્ઞાન નથી (શ્લોક ૯-૧૧)

આપણી એકતા એ સાચો મૂળભૂત સ્વભાવ છે અને વિવિધતા એ આત્માની જ આવિર્ભાવ ક્રિયાની અવસ્થા છે. તે ભવન ક્રિયા છે. (becoming) સારાંશ,

મૂળસ્વભાવ અને તેની ભવનક્રિયા બન્ને સાચા જ છે.

સત્‌સ્વરૂપ પરમાત્મા જ ચિત્‌સ્વરૂપ બની વિવિધતા રચે છે તે ગતિમાં હોએલું સત્‌ માત્ર છે.

દેવો એ આવી ભવન-ક્રિયામાંથી રચાએલાં વૈશ્વિક-વ્યક્તિત્વો છે. બીજા બધાં પ્રાણીઓ તેની વૈશ્વિક વ્યક્તિત્વોના અંશ સ્વરૂપ વ્યક્તિ-સ્વરૂપો છે.

આમ, આપણા જીવનની શરૂઆત બ્રહ્મ છે અને અંતિમ ધ્યેય પણ આત્મતત્ત્વ જ છે. તે બ્રહ્મતત્ત્વમાં જ બધી કાલગત ઘટનાઓ અને બીજ સ્વરૂપ ક્ષમતાઓ રહેલી છે. બીજા અર્થમાં કહેવું હોય તો બ્રહ્મતત્ત્વ અજ્ઞેય છે. તેને નિશ્ચિત એક જ પદ્ધતિથી સંપૂર્ણ જાણી શકાતું જ નથી.

જગતની રચના એ તેની રમત છે, તેથી કાંઈ તેમાં વધારો-ઘટાડો થતો નથી. આ જે બ્રહ્મતત્ત્વની અભિવ્યક્તિની પ્રક્રિયા છે, તે વૈશ્વિક રૂપો સ્વરૂપ દેવો નિયંત્રિત કરે છે.

આ બ્રહ્મતત્ત્વમાં સાત તબક્કામાં અવક્રાંત થઈને ભૌતિકતત્ત્વ બનેલું છે તેમનાં આંતરિક-વિનિમયોથી જ સાત જગતો રચાયાં છે. જેમના નામ છે ભુ, ભુવઃ, સ્વઃ, મહ, જન, તપ અને સત્ય. (ક્રમશઃ)

---

(અનુ.પૃ.૨૮ ઉપરથી) **યોગ પર દીપ્તિઓ**

પુરુષના મિલનને ગીતામાં ‘પુરુષોત્તમ’ કહે છે. આ જ છે દિવ્ય-જીવન. બન્નેનું મિલન અને ઐક્ય દિવ્ય-જીવન સાધકમાં પ્રગટ કરવા માંડે છે. ‘જીવાત્મા’નું નીચેના ‘ચૈત્યપુરુષ’માં સક્રિય થવું એ બહુ જ મહત્ત્વની સાધનાની ઘટના છે અને આ બન્ને કેન્દ્રસ્થ સત્તા સ્વરૂપો વિશે સાધકને જો ખાતરીપૂર્વકના અનુભવો ન હોય તો નિમ્ન-પ્રાણના તત્ત્વ સક્રિય થઈને ચૈત્યપુરુષ સાથે આભાસી મિલન-ઐક્ય બનાવીને સાધકને ગેરમાર્ગે દોરે છે. તેથી સાધક પોતાને ‘મહાન અવતાર’ માની બેસે છે અથવા તો શ્રી રામકૃષ્ણ સાથેના હૃદયનાથની જેમ મગજનું સમતોલપણું ગુમાવી બેસે છે.

**Sponsorship**

**In the fond memory of the Mother on Her 135th Birth Anniversary.**

With best compliments from:

**Ravindra & Tarlika Patel of U.S.A**

## યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

# ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૨૪

## કેન્દ્રસ્થ સત્તા

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- આપણા યોગમાં.....'કેન્દ્રસ્થ સત્તા' કહેવામાં આવે છે તે..... પ્રભુના અંશ માટે વપરાય છે.. પૃ. ૨૩
- કેન્દ્રસ્થ સત્તાના બે સ્વરૂપો છે..... ઊર્ધ્વમાં જે સ્વરૂપ છે તેને 'જીવાત્મા' કહેવાય છે..... બીજું જે સ્વરૂપ આપણી નીચેની ચેતનામાં છે તેને 'ચૈત્યપુરુષ' કહેવામાં આવે છે.
- જીવાત્મા જીવનના આવિર્ભાવથી પર હોય તેનો તે અધ્યક્ષ હોય છે. અંતરાત્મા (ચૈત્યપુરુષ) જીવનમાં થતા આવિર્ભાવથી પાછળ રહીને તેને ટકાવી રાખે છે. પૃ. ૨૩
- અંતરાત્મા પણ પ્રભુનો જ અંશ છે, હોય છે અને અસલ સ્વરૂપે પ્રભુ સાથે એકરૂપ હોય છે છતાં તેના સક્રિય આવિર્ભાવમાં પ્રભુ અને તેની વચ્ચે હમેશાં, તાત્ત્વિક અદ્વૈત છતાં ભેદ રહે છે. પૃ. ૨૪
- 'જીવાત્મા' સદા તાત્ત્વિક અદ્વૈતમાં જ વસે છે. પૃ. ૨૪
- 'જીવાત્મા' પણ જ્યારે આવિર્ભાવની ક્રિયા પ્રત્યે વળે છે અને તેના સક્રિય અધ્યક્ષ બને છે કે તુરત જ તે અનંતવિધ સ્વરૂપોવાળા પ્રભુના એક વિશિષ્ટ કેન્દ્ર તરીકે જ પોતાને જાણે છે, પરમેશ્વર તરીકે નહિ. પૃ. ૨૪
- આ ભેદ ધ્યાનપૂર્વક યાદ રાખવો જરૂરનો છે.....પૃ. ૨૪

માનવ-સ્વરૂપને ધારણ કરનાર મુખ્ય બે તત્ત્વો વિષે શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે. આ બન્ને છે તો એક જ તેથી તેને સામાન્યરીતે 'કેન્દ્રસ્થ સત્તા' એવા નામે ઓળખવામાં આવે છે.

પ્રથમ સ્વરૂપ ઊર્ધ્વમાં રહેલું છે જે 'જીવાત્મા' તરીકે ઓળખાય છે અને પોતે નિષ્ક્રિય રહીને જીવન-મરણની ઘટમાળમાં પ્રવેશતું નથી. પરંતુ અધ્યક્ષસ્થાને રહીને સ્વરૂપને ટકાવતું હોય છે. જન્મ-મરણના ફેરાથી પર હોય ગીતા આ સ્વરૂપને - આ ઊર્ધ્વ કેન્દ્રસ્થ સત્તાને અક્ષરપુરુષ કહે છે. અક્ષરપુરુષ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં પ્રવેશતો નથી પરંતુ પોતાનો જ એક અંશ માનવ-સ્વરૂપમાં મૂકે છે જે પ્રભુના સંકલ્પના આવિર્ભાવ માટે સક્રિય હોય છે. આવું માનવ-સ્વરૂપમાંનું નીચેની કેન્દ્રસ્થ સત્તા એટલે ચૈત્યપુરુષ જે જન્મ-મરણની પ્રક્રિયામાં જન્મોજન્મ વિકાસ કરતો હોય છે. આ જન્મ જન્માન્તરની પ્રક્રિયામાંથી પસાર થતો ચૈત્યપુરુષ એટલે ગીતામાંનો ક્ષરપુરુષ. 'ક્ષર' એટલે પરિવર્તન પામવું, બદલાવું.

ક્ષરપુરુષ પોતાના દિવ્ય-તત્ત્વો દ્વારા માનવ-સ્વરૂપને ટકાવી રાખે છે અને વર્તમાન માનવ-ખોળિયામાં શક્ય હોય તેટલો દિવ્ય-વિકાસ કરવા ક્રિયમાણ હોય છે. પરંતુ તે પણ પ્રભુનો જ અંશ છે. પોતાની મૂળ સ્થિતિમાં તે પરમ-ચેતના સાથે ઐક્ય અનુભવે છે. પરંતુ તેમાં ક્રિયાત્મક પાસાને કારણે માનવ-સ્વરૂપમાં તે પ્રભુથી વિખૂટો પડી ગયો હોય તેમ લાગે છે.

તેથી જરાક જુદી રીતે જ 'જીવાત્મા' નિષ્ક્રિય હોય તે પરમ-ચેતના સાથે પરમ પ્રભુ સાથે અખંડરીતે એકરૂપ હોય છે અને પોતાની આ એકરૂપતાના અધ્યક્ષસ્થાનેથી નીચે રહેલા ચૈત્યપુરુષના પ્રયત્નોને આધાર આપતો હોય છે. જ્યારે ચૈત્યપુરુષ જીવનને ટકાવી રાખી દિવ્યજીવન પ્રત્યે સક્રિય હોય છે.

પરંતુ 'જીવાત્મા' પણ સક્રિય બનીને સભાનરીતે આવિર્ભાવની ક્રિયામાં જોડાય છે ત્યારે તે પણ પ્રભુનું એક આવિર્ભાવનું કેન્દ્ર બની રહે છે.

આ પ્રક્રિયા 'ચૈત્ય-પુરુષ' અને 'જીવાત્મા' (ક્ષર અને અક્ષરપુરુષ)ના 'યોગ' - મિલનમાં બની આવે છે. ચૈત્યપુરુષ જ્યારે પોતાના આદિસંકલ્પ વિષે સભાન બને છે ત્યારે આ પ્રક્રિયા બની આવે છે. કારણ કે 'જીવાત્મા' જ પ્રભુનો આદિસંકલ્પ ધારણ કરીને જીવનને આધાર આપતો હોય છે. ક્ષર અને અક્ષર

(અનુ.પૃ.૨૬ ઉપર)

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

## અશ્વિનીકુમાર ઈન્દ્ર અને વિશ્વદેવો
## અશ્વિનીકુમાર - સૂક્તો (ઋગ્ ૪-૪૫)

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૧૧૧-૧૨૧)
(વેદનું રહસ્ય ભા.૧ પૃ.૩૪૦-૩૪૮)
પ્રકરણ -૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

જે મંત્રો આપણે લેવાનાં છે તે નીચે મુજબનાં છે :

(૧) **દ્રવત્પાણી શુભસ્પતી પુરભુજા।**
**પુરદંસસા નરા શવિરયા ધિયા ધિષણયા॥**

અશ્વિનીકુમારો માનવનાં ત્રણ શરીરરૂપી પુરોના હાથની જેમ પોતાના કાર્યમાં ઉપયોગ કરનારા છે. (પુરભુજા) આ ત્રણે શરીરરૂપી હાથોને તે ચપળતાથી વાપરે છે. (દ્રવત્પાણી) આમ કરીને તેઓ તે ત્રણે શરીરોને શુદ્ધ અને દિવ્ય કરે છે. (શુભસ્પતી) તેથી અંતે -

આ ત્રિપુરોનો નાશ કરીને (પુરંદંસસા) (જુઓ શિવને ત્રિપુરારી કહે છે.) તે વ્યક્તિને (નરા) આધ્યાત્મિક રીતે બળવાન કરે છે. (શવિરયા) (શવસ્ એટલે બળ. તેના ઉપરથી શવિર અર્થાત્ બળવાન એવું વિશેષણ તૈયાર થયેલ છે.) બળવાન બનેલી શારીરિક ચેતનાની (ધિયા) સમજણ-શક્તિથી જ (ધિષણા એટલે સમજ-શક્તિ. તેની ઉપરથી વિશેષણ ધિષ્ણ્યા તૈયાર થયેલ છે.) ખરેખર તે ત્રણ શરીરરૂપી ત્રણ નગરોનો નાશ કરે છે. (પુરદંશસા) અશ્વિનીકુમારોના કાર્યનું આમાં વર્ણન જોવા મળે છે. આપણા ત્રણ શરીરરૂપી ત્રણ નગરો અશુદ્ધ છે, કારણ શરીર પોતે શુદ્ધ અને દિવ્ય હોવા છતાં સાધના પૂર્વે પોતાને સૂક્ષ્મ અને સ્થૂળ દ્વારા

સાચી રીતે પ્રગટ કરી શકતું નથી. આને જ તેની નબળાઈ કે અશુદ્ધિ ગણી છે, પણ સૂક્ષ્મ શરીર અને સ્થૂળ શરીર તો અપરા પ્રકૃતિનાં જ બનેલા હોવાથી અશુદ્ધ જ છે. ત્રણે શરીરોની આ નબળાઈ અને અશુદ્ધિનો નાશ એ જ તેમની આજના તબક્કાની સ્થિતિનો નાશ ગણવામાં આવે છે. આવો નાશ કરીને તે શરીરોની દિવ્ય-ચેતનાને પૂર્ણ, શુદ્ધ રીતે પ્રગટ કરતા કરવા માટે જે દિવ્ય-શક્તિ બે સ્વરૂપે કાર્ય કરે છે તેને જ અશ્વિનીકુમાર કહે છે.

અશ્વ એ વૈશ્વિક-પ્રાણશક્તિનું પ્રતીક છે અને તેથી સક્રિયતા દરમિયાન જે પ્રાણ અને અપાન આ બે પ્રવાહો રચાય છે તે જ અશ્વિનીકુમારો છે. તેમની કાર્યપદ્ધતિ અહીં વર્ણવેલ છે. તેઓ સાધકની પ્રકૃતિને દિવ્ય કરવા તેના ત્રણે શરીરોને સાધન તરીકે વાપરે છે. (પુરભુજા) તે કામમાં તેઓ ખૂબ જ ચપળ રીતે સવેગે કામ કરે છે, તેથી તે શરીરોમાંની અવચેતન અને અચેતનની ગ્રંથીઓ ઓગળવા માંડે છે. (દ્રવત્પાણી) (જુઓ = ભિદ્યંતે હૃદયગ્રંથી છિદ્યંતે સર્વ સંશયાઃ) આમ કરવાથી આપણા સ્વરૂપમાં પાયારૂપ રહેલી શારીરિક ચેતના (ધિઃ) શુદ્ધ અને પ્રકાશમય થવા લાગે છે. સાધકને, શરીરમાં આંતરઉજાશ અનુભવાય છે. શારીરિક ચેતના હવે આધ્યાત્મિક શક્તિઓને ધારણ કરવા વધારે સક્ષમ બને છે, બળવાન બને છે. (શવિરયા) અને આમ કરીને અંતે તે ત્રણે શરીરરૂપી નગરોની અશુદ્ધિઓનો નાશ થાય છે. (પુરદંસસા)

(૨) **યા દસા સિન્ધુમાતરા મનોતરા રયીનામ્।**
**ધિયા દેવા વસુવિદ॥ (૧-૪૬-૨)**

આવી અશ્વિનીકુમારની અશુદ્ધિનાશક દ્વિશક્તિ (દસ્રા) જે વૈશ્વિક પ્રાણરૂપી અસીમ ચેતના-સાગરમાંથી જન્મી છે. (સિન્ધુમાતરા) જે માનવી અશુદ્ધ મનથી ઉપરની કક્ષાએ છે (મનોતરા) એ ઊર્ધ્વ પ્રદેશ સ્વર્ગીય આનંદમય પ્રદેશ છે. (રયીનામ્) ત્યાંથી જન્મેલા આ પ્રાણ-શક્તિના બે પ્રવાહો રૂપ અશ્વિનિકુમારો સાધકની પાર્થિવ ચેતનાને, શારીરિક ચેતનાને (ધિયા) દિવ્ય કરે છે. (દેવા) અને તેને તેમાં પોતામાં જ રહેલી દિવ્ય-ચેતના બાબત સભાન કરે છે. (વસુવિદા) (ધરતીને ચેતનાને ધારણ કરનાર એ અર્થમાં જ વસુંધરા એ વિશેષણ વાપરે છે.) અહીં વસુ એટલે ચૈત્યપુરુષ - વ્યક્તિ ચેતના. તે અષ્ટપ્રકૃતિ દ્વારા આઠ રીતે પ્રગટ

થાય છે માટે અષ્ટવસુની કલ્પના આવેલી છે. આ બીજા મંત્રમાં અશ્વિનિકુમાર ઈન્દ્રને પ્રકાશમય મનને કેવી રીતે મદદ કરે છે તેનું વર્ણન જોવા મળે છે.

(૩) **યા નઃ પિપરદશ્વિના જ્યોતિષ્મતિ તમસ્તિરઃ।**

**તામસ્મૈ રાસાથા મિષમ્॥** (૧-૪૬-૨)

પેલાં પ્રકાશમય (જ્યોતિષ્મતિ) અને અજ્ઞાનની પેલે પાર લઈ જનાર (તમસ્તિરઃ) અશ્વિનિકુમારો (અશ્વિના) અમારી (નઃ) પિપાસા, ઈચ્છાને પૂર્ણ કરો. (પીપરત્) તેવા અશ્વિનિકુમારોને અમે (તામસ્મે) અમારા ભૌતિક શરીરમાં (આમિષમ્) રસરસતાં કરાવીએ (રાસાથા) છીએ, ફેલાવીએ છીએ.

વેદોમાં અશ્વિનિકુમારોની પત્ની તરીકે સૂર્યપુત્રી સૂર્યા આવે છે. તે સદા તેમનાં રથમાં બેસેલી દર્શાવી છે. અર્થાત્ તેમના કાર્યમાં તે સતત સહભાગી છે. તે સૂર્યપુત્રી અશ્વિનિકુમારોએ નીચે અવતરણ કરાવેલ દિવ્યપ્રકાશ સ્વરૂપ સોમરસને સાધકના સમગ્ર સ્વરૂપમાં ફેલાવી દેવાનું કાર્ય કરે છે અને તે ભાગોને શુદ્ધ કરતી જાય છે.

આ સૂર્યાના, સૂર્યપુત્રીનાં દસ સ્વરૂપો છે. (દશ યોષણાઃ દસ યુવતીઓ) બીજે પણ તેમને દશઃ ક્ષિપઃ અર્થાત્ દસ નીચે અવતરણ પામેલી (ક્ષિપઃ) દિવ્યશક્તિઓ તરીકે વર્ણવેલ છે. તેઓ આપણા સ્વરૂપમાં બીજસ્વરૂપે રહેલ પ્રજ્ઞાનાં સાત સ્વરૂપોને (સપ્ત ધીતિભિઃ ૯-૯-૪) પ્રગટ કરે છે. પાછળ જણાવ્યા મુજબ આ સાત સ્વરૂપો છે. ધિઃ, બુદ્ધિ, પ્રતિભા, મેધા (ધર્મમેધા), મેધા (અશ્વમેધા) મેધા (નરમેધા) અને પ્રજ્ઞા. આમને સ્વર્ગની સાત નદીઓ (સપ્ત નદ્યાઃ) તરીકે પણ વર્ણવેલ છે. આ બધાં આપણા શરીરની સ્થિતિ કેવી થાય છે તેનું વર્ણન નીચેના મંત્રમાં છે. તે કરવામાં ઈન્દ્રને અશ્વિનિકુમારો અને સૂર્યપુત્રી મદદરૂપ થાય છે. (ક્રમશઃ)

---

(અનુ.પૃ.૪૦ ઉપરથી) **આત્મસિદ્ધિ**

થતું જોવું.

માતાજી કહે છે આ ચૈત્ય-અગ્નિ અથવા દિવ્ય-પ્રેમ એ કોઈ કવિ કલ્પના નથી. તેના પ્રકાશનો ઉલ્લેખ એ કાંઈ સમજાવવા માટે વાપરેલું રૂપક નથી, પણ ખરેખર તેવો આંતરિક દિવ્ય-પ્રકાશ છે જ અને તે હૃદયમાં દેખાય પણ છે અને અનુભવાય પણ છે. તેના ક્રાંતિકારક પરિણામો આપણામાં અને અન્યોમાં પણ અનુભવાય છે. (ક્રમશઃ)

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

# માંદગી કેવી રીતે નિવારશો ?

પ્રકરણ - ૨૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

આપણે વિજ્ઞાન યુગમાં જીવીએ છીએ. આપણને વિજ્ઞાન ઉપર પૂરેપૂરો ભરોસો છે, તેથી આપણે એમ માનીએ છીએ કે માંદગી રોગજંતુઓનાં કારણે આવે છે, પણ રોગ-જંતુ એ તો એક દૃશ્ય કારણ માત્ર છે. તેની પાછળ વધારે ઊંડા અને સૂક્ષ્મ જગતનાં કારણો આવેલાં છે.

આ ભૌતિક-દૃશ્ય જગતની લગોલગ પણ સૂક્ષ્મ અને અદૃશ્ય એવું સૂક્ષ્મ પાર્થિવ જગત છે. ભૌતિક-જગતની રચના તે સૂક્ષ્મપાર્થિવ જગતના આધારે જ થતી હોય છે. સૂક્ષ્મ પાર્થિવ જગતનું પ્રતિબિંબ એટલે આ ભૌતિક-જગત.

આ સૂક્ષ્મ જગતમાં અસંખ્ય નાના નાના મનોમય અને પ્રાણમય ઘડતરો હોય છે જે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે જીવંત માનવોના મનસ્તત્ત્વ અને પ્રાણતત્ત્વના અંશોને ખોરાક તરીકે મેળવવા ઝંખતા હોય છે. આવા ઘડતરોમાં પરપીડન અને બીજાને અપાય કરવાની ઈચ્છાવાળા ઘડતરો હોય છે. તેમને પોતાનું અસ્તિત્વ ટકાવવા મનોમય કે પ્રાણમય શક્તિ ન મળતાં તેમનું વિઘટન થવા માંડે છે. પણ તેમના વિઘટિત અણુઓ ભૌતિક-સ્તરે બેકટેરીયાનું રૂપ લઈ પોતાનો ઉદ્દેશ પાર પાડે છે અર્થાત્ માંદગીનું કારણ બને છે.

અકસ્માતોમાં પણ આવી જ પ્રક્રિયા જોવા મળે છે. અચાનક અકસ્માતમાં સપડાયેલા માનવમાંના ભયને કારણે તેના સૂક્ષ્મ-શરીરમાંથી પ્રાણશક્તિના ગોટેગોટા બહાર ફેંકાય છે. પ્રાણમય સૃષ્ટિનાં સત્ત્વો માટે આ મોટી મિજબાની હોય છે. તેઓ તેની ઉપર જ પોષણ મેળવે છે, તેથી પોતાના આહાર માટે તેઓ આવા અકસ્માતો કરાવવા સતત પ્રયત્નશીલ હોય છે. ઉશ્કેરાટ, ભય. ક્રોધ, ઈર્ષા આ બધી ભાવનાઓ પણ શક્તિનાં ફુવારા વાતાવરણમાં છોડતાં હોય છે.

આમ રોગજંતુની નિર્મિતિ પાછળ એકંદરે મૃત વ્યક્તિઓની કામનાઓ,

તૃષ્ણાઓ જ રહેલી હોય છે. બીજું, ભાવનાઓનો ઉદ્રેક અને હલકી ભાવનાઓ માનવના સુરક્ષાચક્રમાં છીંડા પાડે છે. તે છીંડામાંથી જ આ રોગજંતુઓને શરીરમાં પ્રવેશવા તક મળી જાય છે. અશુભ વિચારો અને આધ્યાત્મિક ભૂલો પણ આવા જ મોટા ગાબડાં પાડતાં હોય છે.

ત્રીજું, વ્યક્તિના સ્વરૂપમાંની સમતુલાનો ભંગ જ ઉપર મુજબના ભંગાણ પાડે છે. તેથી માંદગીનું મૂળકારણ માણસની આ સમતુલાનું ભંગાણ જ હોય છે. શરીર આંતરિક અને બાહ્ય વાતાવરણ સાથે સમતુલા ટકાવી શકે તો તે નિરોગી રહે છે. સમતુલાના ભંગાણના સ્વરૂપ મુજબનો રોગ તેને થાય છે.

જ્યારે માનવ ઉત્સાહથી ભરપૂર હોય, આનંદથી છલકાતો હોય, સમગ્ર સ્વરૂપમાં ઉલ્લાસને કારણે મજબૂત સમતુલા ટકી રહેતી હોય તો આવી વ્યક્તિની પ્રાણશક્તિમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ જ પ્રખર હોવાથી તેને માંદગી આવતી નથી. પણ આથી વિરુદ્ધની સ્થિતિમાં પ્રાણશક્તિ પોતાની રોગપ્રતિકાર શક્તિ ખોઈ બેસે છે. નબળા પ્રાણમાં જ ભય, શંકા, કુશંકા, સંકુચિતતા, સ્વાર્થવૃત્તિ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

આપણા સ્વરૂપમાંનો જ કોક નાનકડો અંશ માંદગીને આવકારતો હોય છે. આ ઘટના જ અંદરથી આપણા સંરક્ષણ કવચને ભાંગી નાખે છે અને આપણે ખરેખર માંદા પડીએ છીએ. ખરેખર તો તે વખતે આપણે અજાણતા જ પ્રભુની શક્તિ પ્રત્યે પોતાને બીડી લીધેલાં હોય છે. જો આપણે પ્રભુની શક્તિ પ્રત્યે આપણા શરીરના કોષોને ખુલ્લા કરી શકીએ તો નીચેના પરિણામો હાંસલ થઈ શકે છે એમ માતાજી જણાવે છે :

(૧) રોગનાં આંદોલનોને આપણી તરફ આવતા જોઈ શકીએ છીએ.

(૨) તેમને બહાર જ રોકી પણ શકીએ છીએ અથવા તેમનો નાશ પણ કરી શકીએ છીએ.

(૩) આપણા સંરક્ષણ કવચમાં પડેલાં છીંડાને પૂરી શકીએ છીએ. નવા છીંડા પડતા અટકાવી શકીએ છીએ અને સંરક્ષણ કવચને વધારે મજબૂત કરી શકીએ છીએ.

(૪) શરીરમાં દાખલ થએલાં રોગ-જંતુઓને મારી હઠાવી શકીએ છીએ,

(૫) જેમ આપણી પોતાની બાબત કરી શકીએ તેમ અન્યની બાબતમાં પણ કરી શકાય છે. શરત એટલી જ છે કે તેનામાં ગ્રહણશીલતા હોવી જોઈએ.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# સાધનામાં મદદરૂપ અને અવરોધક પરિબળો

પ્રકરણ - ૩૦

(ખંડ-૨, પૃ.૧૬૦.૧૬૧)

(૧૦-૭-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** ક પાગલ થઈ ગયો છે. તે કહે છે હું કબ્રસ્થાનની પાસે એક રૂમ રાખીને રહીશ અને શ્રી અરવિન્દને વિનંતિ કે તેઓને મારા ઉપર યદાકદાચિત કરુણા ઉપજે તો મને જાણ કરે.

**શ્રી અરવિન્દ :** જેટલા દૂર રહે તેટલી કરુણા વધારે એ કાંઈ નિયમ નથી.

**શિષ્ય :** યોગમાં વિરોધી અને મદદરૂપ બળો હોય છે. તેને કારણે કેવી પ્રકૃતિ રચાય છે?

**શ્રી અરવિન્દ :** તમે કયા પ્રકારનો યોગ કરો છો? તેની ઉપર તેનો આધાર રહે છે.

**શિષ્ય :** કેટલાંક બળો આપણા યોગમાં મદદ કરી રહ્યાં છે એ વાત સાચી છે?

**શ્રી અરવિન્દ :** હા, તે વિશ્વ-શક્તિઓને તમે દેવો કહી શકો છો, પણ તેઓ હાલમાં પડદા પાછળ રહીને મદદ કરી રહ્યાં છે. બીજું, આપણે જે અતિમનસનું અવતરણ કરવા પ્રયત્ન કરી રહ્યાં છીએ તે તત્ત્વનાં તાબામાં રહી તે ક્ષેત્ર પૂરતા જ મદદ કરી રહ્યાં છે.

આપણે તેમની પૂરેપૂરી મદદ લઈ શકતા નથી કારણ એક, તેઓ અમુક કક્ષા સુધી જ મદદરૂપ થઈ શકે છે, તેથી ઊર્ધ્વમાં નહીં. બીજું, તેમની શરતો હોય છે જે આપણે બધી જ પૂરી ન પણ કરી શકીએ. કેટલાક સત્ત્વો આપણા યોગ પ્રત્યે સહાનુભૂતિ રાખે છે, કારણ તેથી તેમને ભવિષ્યમાં ફાયદો થવાનો છે. તેમને મળતા લાભના પ્રમાણમાં દેવો મદદ કરે છે. ગીતા કહે છે કે આનો મૂળ સિદ્ધાંત છે 'પરસ્પરં ભાવયંતઃ' અર્થાત્ એકબીજાને મદદરૂપ થઈને.

પણ તેમની કક્ષાથી ઉપર જવાનો પ્રયત્ન કરતાં જ તેઓ વિરોધ કરવા માંડે છે એવું ઉપનિષદો જણાવે છે. દરેકને પોતાના વાડામાં જ પોતાના ઢોરને પૂરી રાખવા છે એવું રૂપક ઉપનિષદો વાપરે છે. તેમની પૂજા કરશો તો તેઓ મદદ કરશે, પણ આપણી અભીપ્સા ફક્ત ઊર્ધ્વતમ સત્ય માટે જ છે, તેથી આપણે તેવું કરતા નથી. (ઉપનિષદો આનો મધ્યમ માર્ગ કાઢે છે. દરેક દેવ અંતિમ સત્યનું જ એક સ્વરૂપ છે એમ સમજી પૂજા કરવી. તેથી તેમની મદદ અને અંતિમ સત્ય પ્રત્યેની નિષ્ઠા બન્ને રહે છે.)

**શિષ્ય :** શું એવા બળો (દેવો) છે જે બધી જ કક્ષાએ મદદરૂપ થાય ?

**શ્રી અરવિન્દ :** હા, માહેશ્વરી, મહાકાળી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી આ દેવો બધા ક્ષેત્રે મદદરૂપ થઈ શકે છેં. પણ હાલના તબક્કે તેઓની મદદ આડકતરી અને માનસિક સ્વરૂપની હોય છે. કારણ આપણે તે સ્વરૂપે જ તેમનો સ્વીકાર કરવાની ક્ષમતા રાખીએ છીએ.

**શિષ્ય :** વિરોધી બળોનો અનુભવ આપણને તીવ્ર રીતે શા માટે થાય છે ?

**શ્રી અરવિન્દ :** તેઓ સીધેસીધા અને દરેક કક્ષાએ પરિણામ નિપજાવી શકે છે માટે. બીજું, દેવોની મદદ આડકતરી હોય છે અને શરતી હોય છે. આમ તો અસુરોની પણ શરતો જ હોય છે. આપણી સંમતિની તેમને પણ ગરજ હોય જ છે, પણ આપણી અશુદ્ધ પ્રકૃતિ તેને સહજરીતે સંમતિ આપી દે છે. દિવ્યપ્રકૃતિનો વિકાસ ઓછો હોવાથી દેવોની શરતો પૂરી કરવી અઘરી જાય છે. દેવો કે અસુરો આપણી ગુપ્ત કે પ્રગટ સંમતિ સિવાય આપણી ઉપર કાર્ય કરી શકતાં નથી.

---

(અનુ.પૃ. ૩૭ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

આ ચારે મહાન ઘટનાઓ ઐતિહાસિક ઘટનાઓ નથી એવું વિદ્વાનો જણાવે છે. પણ તેમના સાંસ્કૃતિક પરિણામો તો નક્કર છે અને તે જ મહત્ત્વનાં છે.

શ્રી અરવિન્દ આ જ વાત પોતાના વિચાર-સૂત્ર ૩૯માં વધુ સ્પષ્ટ રીતે જણાવે છે :

**''લોકો કહે છે ઈશુનો ઉપદેશ એક મિથ્યા કૃતિ છે અને કૃષ્ણ એ કવિઓની કલ્પના છે. પરંતુ ભગવાનને એ મિથ્યા કૃતિઓ માટે ધન્યવાદ આપો. એની કલ્પના કરનારાઓને પ્રણામ કરો.''** (૩૯)

વાસ્તવિક ઘટનાઓ કરતા માનસિક આદર્શો માનવને વધુ ઘડે છે. તેના પરિણામો ચિરસ્થાયી હોય છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## માનસિક - આદર્શોની તાકાત (૩૭-૩૯)

પ્રકરણ - ૨૫

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૬૬-૬૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**કોઈ કોઈ વાર મનુષ્યે એ વસ્તુનો વિચાર કરવો પડે છે કે કેવળ એ જ વસ્તુઓ કદી ઓછી થતી નથી જેનું વાસ્તવિક મહત્ત્વ રહેલું હોય છે. કારણ કે એમની સામે મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાઓ ફીકી અને નિરર્થક સરખી પ્રતીત થાય છે. (૩૭)**

ઈતિહાસમાં ઐતિહાસિક ઘટનાઓ વર્ણવેલી હોય છે. તે વાસ્તવિક ઘટી એવી જ ખાતરી આપવામાં આવેલી હોય છે. પણ ઈતિહાસ લખનારો પોતે ત્રુટક ત્રુટક વિગતો ભેગી કરીને તેમાં પોતાની સમજણ અને દૃષ્ટિકોણનો મરીમસાલો ભરી તેને રોચક કરેલી હોય છે તેમાં વાસ્તવિકતા ઓછી હોય છે.

બીજું, ઐતિહાસિક ઘટનાને ઈતિહાસકાર મોટા મોટા શબ્દો વાપરી તેને મહત્ત્વ આપે છે પણ ઈતિહાસ એટલે યુદ્ધ, કતલ, રાજ્યવિસ્તારની તૃષ્ણા, અત્યાચાર અને પાશવતા જ હોય છે. તેમને ધર્મયુદ્ધ, સ્વાતંત્ર્યયુદ્ધ, પવિત્રયુદ્ધ જેવા નામ આપીને મઠારવામાં આવે છે. આ વસ્તુઓ માનવને પોતાનું જીવન ઉદાત્ત કરવા બહુ ઓછું શીખવે છે. ઈતિહાસમાં કલા, સંસ્કૃતિ, દર્શનનો વિકાસ બાબત બહુ ઓછું વર્ણવવામાં આવે છે, જે ખરેખર જીવનને સુસંસ્કૃત અને મહાન બનાવે છે. તેથી ઈતિહાસની ઘટના વાસ્તવિક માનીએ તો પણ જીવનના વિકાસમાં તે અલ્પ ઉપયોગી નીવડી છે. આના કરતાં પુરાણો, દંતકથાઓ વાસ્તવિક ઘટનાઓ હોતી નથી પણ માનવી - જીવનને ઉત્તમ ઘાટ આપવાનું કામ કરતી હોય છે અને આવી પ્રેરણાઓ આપવાનું કોઈ વખત બંધ થતું નથી. આજે પણ રામાયણનાં આદર્શો ભારતીયોના જીવનને ઘાટ આપે જ છે. તેમનું મહત્ત્વ ઘટતું નથી. ઐતિહાસિક ઘટનાઓ ભૂલાઈ

જવાય છે.

આમ, આવા સંસ્કાર આપતાં કાલ્પનિક સાહિત્યનું મહત્ત્વ ઈતિહાસ કરતા અનેરું છે.

શ્રી અરવિન્દ પોતાના આ વિચારો વધારે સ્પષ્ટ કરવા પોતાનું વિચારસૂત્ર ૩૮મું આપે છે :

**“ઈતિહાસમાં ચાર ઘટનાઓ બહુ મોટી માનવામાં આવે છે - (૧) ટ્રોયનો ઘેરો (૨) ઈશુનું જીવન અને તેમને ક્રોસ ઉપર લટકાવવાની વાત (૩) શ્રીકૃષ્ણની વૃંદાવનમાંથી વિદાય અને (૪) કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તથા અર્જુનનો વાર્તાલાપ. ટ્રોયના ઘેરામાંથી હેલાસનો જન્મ થયો. વૃંદાવનના ત્યાગમાંથી ભક્તિધર્મની સૃષ્ટિ રચાઈ. ઈશુએ વધસ્તંભ ઉપરથી યુરોપને માનવતાનો પાઠ ભણાવ્યો અને કુરુક્ષેત્રના વાર્તાલાપ વડે હજી માનવજાતિ મુક્ત થવાની છે, છતાં પણ લોકો કહે છે કે આ ચાર ઘટનાઓ બની જ નથી. (૩૮)**

લોકો આ ચારે ઘટનાને ઐતિહાસિક ગણતા નથી. તે ખરેખર વાસ્તવિક રીતે પૃથ્વી ઉપર ઘટીત થઈ છે એમ માનતા નથી, છતાં આ ચારે ઘટનાઓએ માનવજીવનમાં એક નવું ઉદાત્ત પાસું ઉમેર્યું છે અને તેના જીવનને મૂલ્યવાન બનાવ્યું છે.

ટ્રોયના યુદ્ધ પછી ગ્રીક પુરાણમાંના હેલાસ દેવોનો પ્રચાર વધારે થયો. તે શૌર્યનો દેવતા છે અને દુ:ખી લોકોને મદદરૂપ થવું એ તેનો ભાવ છે. આ આદર્શો એ જ યુરોપમાં નાઈટ-સરદારોની પરંપરા શરૂ થઈ. વૃંદાવનમાંથી કૃષ્ણ મથુરા જતા જ તેમના વિરહભાવમાંથી જ ભક્તિ-સાહિત્યનો જન્મ થયો છે જે અનેક લોકોના ભક્તિભાવને પોષણ આપે છે, તેમાંથી જ ભક્તિમાર્ગ પણ કંડરાયો. પહેલા તો અધ્યાત્મમાં ધ્યાન, ધારણા સમાધિને જ મહત્ત્વ અપાતું. ઈશુને વધસ્તંભે લટકાવવાની ઘટનાથી માનવતાને માટે પ્રાણને હોડમાં મૂકીને પણ માનવતાને માટે સાચા આધ્યાત્મિક માર્ગે વાળવાના પ્રયત્નનો આદર્શ ખ્રિશ્ચિયન ધર્મમાં પ્રગટ થયો. શ્રીકૃષ્ણ અને અર્જુનનો કુરુક્ષેત્ર ઉપરનો વાર્તાલાપ ગહન આધ્યાત્મિક સત્યોને જીવનમાં કેવી રીતે લાવવા તેનો માર્ગ દર્શાવે છે. આ પ્રસંગ સમગ્ર માનવજાતને ભવિષ્યમાં ધર્મની સંકુચિતતાઓમાંથી મુક્ત કરી, ઉપર ઊઠીને શુદ્ધ આધ્યાત્મિક વિકાસ કેમ કરવો તેનો રાહ દર્શાવશે એવું શ્રી અરવિન્દ સૂચવે છે.

(અનુ.પૃ.૩૫ ઉપર)

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## દિવ્ય-પ્રેમ અને તેની કાર્યપદ્ધતિ

(પુસ્તિકા પૃ.૨૩-૩૦) પ્રકરણ - ૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ જ્યારે આ દિવ્ય-પ્રેમ સક્રિયપણે વિશ્વમાં વહેશે ત્યારે જ આ વિશ્વમાં સામંજસ્ય અને સાચી એકતાનું સર્જન થશે.

૨ ચૈત્ય - અગ્નિને કારણે પ્રગતિ માટેનો, પોતાની જાતને વિશુદ્ધ કરવા માટેનો એક સંકલ્પ જાગે છે તેમાંથી આ અગ્નિ પ્રગટે છે. તમે જો એ અગ્નિમાં નાખતા જશો તો એ અગ્નિ કોઈ નવી તીવ્રતાથી બળવા લાગશે. સૂક્ષ્મ શારીરિકના પ્રદેશમાં આ એક વાસ્તવિક હકીકતરૂપે બનતું હોય છે. સૂક્ષ્મ શારીરિકમાં તમે એ જ્વાલાનો પ્રકાશ જોઈ શકો છો.

૩ પ્રભુની કરુણા અને શક્તિ સર્વ કાંઈ કરી શકે, પરંતુ સાધકની સંમતિની જરૂર રહે છે.

૪ આ યોગમાં આખો સિદ્ધાંત જ પોતાની જાતને પ્રભુની અસર પ્રત્યે ખુલ્લા કરવાનો છે. એ ત્યાં તમારી ઉપર આવી રહેલી જ છે. ત્યારે તમને લાગે છે કે કોઈ શાંતિ, કોઈ જ્યોતિ, કોઈ કાર્ય કરતી શક્તિ, રૂપવાન કે રૂપ વિનાની ભાગવત હાજરી, આનંદનું અવતરણ થઈ રહ્યું છે. જ્યાં સુધી આ પ્રકારની સભાનતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મનુષ્યે શ્રદ્ધા રાખીને ખુલ્લાપણા માટે અભીપ્સા કર્યે જવું જોઈએ. અભીપ્સા, સાદ, પ્રાર્થના આ સર્વે એક જ વસ્તુનાં વિવિધ રૂપો છે.

૫ બીજો રસ્તો એકાગ્રતા કરવાનો છે. એમાં તમારે તમારી ચેતનાને

હૃદયમાં એકાગ્ર કરવાની હોય છે (કેટલાક મસ્તકમાં અથવા મસ્તકની ઉપર એકાગ્રતા કરે છે) અને શ્રી માતાજી ઉપર હૃદયમાં એકાગ્રતા કરી તેમને સાદ કરીને ત્યાં બોલાવવાનાં રહે છે.

૬ શરૂઆતમાં જે એક મુખ્ય જરૂરિયાત હોય છે તે મનને અચંચળ રાખવાની હોય છે, અને સાધનાને અપાયકારક જે કોઈ વિચારો કે આંદોલનો આવે તો સર્વનો ધ્યાનના સમયે ઈનકાર કરવાનો હોય છે.

૭ સમર્પણ વડે સર્વ બૂરા વિચારો અને ક્રિયાઓનો ત્યાગ કરો.

૮ તેની પાસે જે છે, તે જે છે, તેટલું જ માગવામાં આવે છે; વધારે કાંઈ નહિ પણ એથી ઓછું પણ કાંઈ નહિ.

૯ પ્રભુના પ્રેમનું શરણ લે છે તેમને એવો આશ્રય મળે છે, એવું રક્ષણ અને આનંદ મળે છે જે તેમને સર્વ કસોટીઓનો સામનો કરવાની અને તમામ મુશ્કેલીઓને પેલે પાર જવાની શક્તિ આપી રહે છે.

૧૦ તમારી તપઃશક્તિ ભગવાનની તપઃશક્તિના હાથમાં સોંપવાથી તમે સાક્ષાત્કાર પ્રત્યેની ગતિનો વેગ વધારો છો. એ પ્રમાણે કરવું એ પણ જુદા રૂપમાં, સમર્પણ જ છે.

૧૧ ભગવાનની તપઃશક્તિ મારામાં તે કાર્ય કરો. આ વલણમાં સમર્પણ સક્રિય થયું ગણાય.

જો તમે સાવધાન હશો, જો તમારું મન જાગ્રત હશે તો ‘શું કરવું જોઈએ ?’ તેનું કંઈક જ્ઞાન પ્રેરણારૂપે તમને જરૂર મળશે.

તમારું સમર્પણ નિષ્ક્રિય હશે તો તમે કશો સંકલ્પ કરશો નહિ અને પ્રયત્ન પણ નહિ કરો. તમે માત્ર ઊંઘ્યા કરશો.

૧૨ પ્રભુનો સંકલ્પ શો છે તે જાણી શકવા માટે ચાર શરતોનું પાલન જરૂરી છે : (૧) પૂર્ણ સાચા દિલથી ખુલ્લા રહેવું (૨) કામનાઓ અને આસક્તિઓ ઉપર કાબૂ મેળવવો. (૩) મનને નીરવ કરી સાંભળવું. (૪) જ્યારે તમને આદેશ મળે ત્યારે તેનો તરત જ અમલ કરવો.

૧૩ ભગવાનની ઈચ્છા આપણી પાસે કાર્ય કરાવે છે એ કેવી રીતે જાણવું... ભગવાનની તપઃશક્તિને ઓળખી કાઢવાનું કામ મુશ્કેલ નથી... ભગવાનની તપઃશક્તિ વિરુદ્ધ કાંઈ પણ કરશો તો તુરત જ તમને એક

**પ્રકારની બેચેની લાગશે......**

**૧૪ અંતરાત્માને પૂછો : ''આમ થવાનું કારણ શું?'' તો તમને સાચો ઉત્તર જરૂર મળશે.... કારણની શોધ કરતા હો ત્યારે તદ્દન ઋજુ અને દિલના સાચા બનો..... કોઈ સ્થળે વલણમાં ગૂંચ યા આમળો - નાની લહેરના જેટલો - અંતરના કોઈ ખૂણામાં ભરાઈ રહેલો જણાશે.**

ચૈત્યપુરુષ એકાગ્ર થએલો હોય છે ત્યારે તેની તેજોમયતા વધી જાય છે. તે પોતે જ્યોતિ-સ્વરૂપ જ છે અને જ્યોતિમાંથી જ પોષણ મેળવે છે. એકાગ્રતાના કારણે સાધકને પોતાના શરીરમાં એક સમગ્ર શરીરવ્યાપી તેજ દેખાવા માંડે છે તેને ચૈત્ય-અગ્નિ કહેવાય છે.

જ્યારે પણ આપણા સ્વરૂપમાંનું કોઈ તત્ત્વ પ્રભુની ભક્તિમાં ભાવવિભોર થઈ જાય છે ત્યારે તે આવું પ્રકાશમય બની જાય છે. આવી પ્રક્રિયા કરવી તેને શ્રી અરવિન્દ ''તે વસ્તુ ઉપર પ્રભુનું નામ લખી તેને ચૈત્ય-અગ્નિમાં હોમવાની'' પદ્ધતિ તરીકે વર્ણવે છે. આ ભાવવિભોરતા અને પ્રકાશમયતા આપણી ભૌતિક-જીવન વિષેની ક્ષુદ્ર ભાવનાઓ, વિકારોનો ત્યાગ કરાવે છે. તેવા ચૈત્યપ્રકાશમાં તેને ઓતપ્રોત કરવાથી તે વિકૃતિ નાશ પામે છે. જો કોઈ તત્ત્વમાં ઊણપ હોય તો તેનો નાશ થાય છે.

આવી અવસ્થા બાદ એક પ્રકાશમય દિવ્યપ્રેમ અથવા કરુણાભાવ બિનશરતે વહેવા માંડે છે. બધાની જ મંગલકામના કરે છે. અન્ય લોકો પણ આ દિવ્ય-પ્રેમનાં પ્રભાવ નીચે આવી જાય છે. તેમને પણ તે અસર કરે છે. તે સાચી એકતા અને સુસંવાદ રચે છે. આ પ્રેમ પાર્થિવ સ્તર સુધી પ્રગટ થવો જરૂરી છે. તે કર્મદ્વારા વહેતો થવો જોઈએ.

આવો દિવ્ય-પ્રેમ અથવા ચૈત્યઅગ્નિ કાંઈ બધામાં જ જાગૃત થએલો હોતો નથી. જો તે દિવ્યપ્રેમને આપણા સ્વરૂપનાં બધાં જ તત્ત્વો અર્પણ કરતા કરશો તો તે વધારે ને વધારે તીવ્ર અને વ્યાપક બને છે. તત્ત્વને અર્પણ કરવું એટલે તે તત્ત્વમાં તે આંતરપ્રકાશ સ્થિર થાય એવી અભીપ્સા સાથે તે તત્ત્વને આંતરચક્ષુથી પ્રકાશિત

(અનુ.પૃ.૩૧ ઉપર)

# જાતક કથાઓ

- માનસિંહ ચાવડા

## હૃદય પરિવર્તન

પ્રકરણ - ૧

પથ્થરપુરના રાજવીનો એકનો એક પુત્ર નામે દમન. તે જિદ્દી, ઘમંડી અવિચારી હતો. તેથી પ્રજાવત્સલ રાજવીને પોતાની પ્રજાની, રાજની અને કુંટુંબની ચિંતા સતાવવા લાગી.

ગામના ભાગોળે એક ઋષિનો આશ્રમ હતો. રાજા તેમને જઈ મળ્યો. પોતાની મનોવ્યથા જણાવી. ઋષિએ રાજકુમારને આશ્રમમાં મોકલી આપવા કહ્યું.

રાજકુમાર આશ્રમમાં ભણવા આવ્યો. તેને જંગલ, ઝરણાં, મુક્ત આકાશ, પશુ-પક્ષીઓ જોઈને થોડા દિવસ મજા આવી.

એક દિવસ ઋષિએ તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, ''ચાલ, જંગલમાં લટાર મારી આવીએ.''

ગુરુશિષ્ય જંગલમાં ગયા. ત્યાં ઋષિએ એક નાનકડો લીમડાનો છોડ જોયો. રાજકુમારને કહ્યું :

''તેનું એક પાંદડું તોડ અને ચાવી જો.'

રાજકુમારે તેમ કરતા જ તેનું મોઢું કડવું ઝેર થઈ ગયું. તેને ગુસ્સો આવ્યો. તેણે તે છોડ મૂળ સાથે ઉખેડીને ફેંકી દીધો. ઋષિ શાંતિથી બોલ્યા, ''વત્સ, તારો સ્વભાવ કડવો રાખીશ તો લોકો પણ આ લીમડા જેવી તારી વલે કરશે. લોકો કડવો, ઘમંડી રાજા સહન કરતા નથી.''

રાજકુમારની આંખો ઉઘડી ગઈ તે બોલ્યો, ''ગુરુદેવ, મને લોકપ્રિય રાજા બનવું છે. મને બનાવશો ?''

''જરૂર, વત્સ''

## વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

# અગ્નિ : પ્રભુની હાજરીનો પ્રકાશ

પ્રભુનો પ્રકાશમય સંકલ્પ

પ્રકરણ - ૫

પ્રાણી માત્રના શરીરમાં રહેલ પ્રભુની હાજરીસ્વરૂપ ચેતનાની જ્યોતને અગ્નિ કહ્યો છે. તે અગ્નિ જે તે પ્રાણીના વિકાસનું સ્વરૂપ અને દિશા બાબત પ્રભુએ કરેલા સંકલ્પને ધારણ કરી રાખે છે. આ સંકલ્પને કારણે જ અગ્નિમાં સર્જનક્ષમતા આવી છે. નવી યોનિઓનો આવિર્ભાવ આ રીતે અગ્નિને આભારી છે. આ અગ્નિ સાતે લોકમાં વ્યાપ્ત છે. સાત યોગચક્રો દ્વારા તે દરેક લોકમાં નવસર્જન કરે છે. તે આપણને આત્મસક્ષાત્કાર ભણી લઈ જાય છે.

યમરાજાએ માનવમાત્રમાં ત્રણ સ્વરૂપે રહેલ અગ્નિને જાણવાનો ઉપદેશ નચિકેતાને ઉપનિષદમાં આપેલો. તે ત્રણ અગ્નિ એટલે જ ત્રણ પુરુષ અર્થાત્ ક્ષર, અક્ષર અને ઉત્તમપુરુષ. અગ્નિના વિવિધ વિશેષણોનો અર્થ તેનું સ્વરૂપ અને કાર્ય દર્શાવે છે, જે નીચે પ્રમાણે છે :

(૧) **અગ્નિ** - તે પ્રભુના સંકલ્પ સ્વરૂપ છે તેથી અગ્નિ સહુથી પ્રથમ નિર્માણ થયો. તેથી તેને અગ્નિ કહે છે. (યદસ્ય સર્વસ્યાગ્રમસૃજયત (શત . બ્રા. ૬.૧૧.૧૧) અગ્નિ એટલે સ્થિર પ્રકાશ (અ=અભાવ, ગ=ગતિ ગતિનો અભાવ = સ્થિર) તેમના અનેક નામો છે.

૧ **ધૃત - પૃષ્ઠઃ** (ઋ. ૫.૪.૩) અર્થાત્ માનવીહૃદયમાં શ્રદ્ધારૂપી ધૃતને નિર્માણ કરવાનો તે આધાર છે.

૨ **ધૃત - પ્રતીકઃ** (ઋ. ૩.૧.૧૮) તે શ્રદ્ધાના તેજના પ્રતીકરૂપ છે.

૩ **સુજિહ્વ** (ઋ. ૧.૧૪.૭) જેની શ્રદ્ધારૂપી લપેટ (જવાબ) સુંદર કલ્યાણકારી છે તે.

૪ **ધૃતકેશઃ** (ઋ. ૮.૬૦.૨) જે શરીરનાં નિર્જીવ અંશરૂપ કેશોમાં પણ

રોમાંચની ક્ષણોમાં વ્યાપી જાય છે તે.

૫ **હિરણ્ય દંત :** (ઋ. ૫.૨.૩) જેમના જ્વાલાની લપેટોરૂપી દાંત સોનેરી દિવ્યભાવ સ્વરૂપ છે તે અથવા સુવર્ણમય ચેતના (વિજ્ઞાનમય) ચેતનામાંથી પોષણ મેળવે છે તે.

૬ **શિરોમણી સપ્તરશ્મિ** (ઋ.૬.૧૨.૬) સપ્તજિવ્હ (ઋ.૩.૬.૨) સાત રંગની જ્વાલા ધરાવતો સાત જીહ્વાવાળો (આપણા શરીરમાંનાં સપ્તયોગ ચક્રોનાં સાત પ્રકાશ રંગો છે. તે ઉપરથી નીચેના ક્રમાંકે નીલ, હરિત, પીત, કેસરી, લાલ, જાંબલી અને કૃષ્ણ છે. તેમનું તે શ્રેષ્ઠ સ્વરૂપ છે.

૭ **અર્વન** (અશ્વ) (ઋ. ૬.૧૨.૬) તેના ઉપર આરુઢ થઈ આપણો સાક્ષાત્કાર કરીએ છીએ.

૮ **દ્વિમાતા શયુઃ** (ઋ. ૧.૩૧.૨) તેમને બે અરણિવરૂપી માતાના પુત્ર કહ્યાં છે. બે અરણી એટલે દિવ્યપ્રકૃતિ અને અદિવ્યપ્રકૃતિ.

૯ **પરિ દ્યાં જિહ્વયા તન્** - તે પોતાની જ્વાલાઓરૂપી જીહ્વાથી દ્યૌલોક મનસ્તત્ત્વની ઉપર છવાઈ જાય છે. મનને પ્રકાશથી ભરી દે છે.

૧૦ **ભૂવો દેવાનાં પિતા** - તે પ્રાણમય લોકનાં (ભૂવો) દેવોને પ્રકાશમય મન દ્વારા પોષણ આપનાર પિતા છે.

૧૧ **સહસઃ પુત્રઃ** - તે દિવ્ય-અદિવ્ય પ્રકૃતિના સંઘર્ષમાંથી (સહસઃ) જન્મેલો પુત્ર છે. પોતે પણ સાહસી છે. બધાં તત્ત્વોને સાક્ષાત્કાર તરફ લઈ જનારો છે.

૧૨ **તનૂનપાત્** - શરીરને પવિત્ર કરનાર અથવા ભૌતિક શરીરમાં (તનૂન્) છુપાએલો છે (પાત્)

૧૩ **દૂતો દેવાનાં** - ઊર્ધ્વ દિવ્યલોકોના દેવોનો સંદેશવાહક છે. દિવ્યપ્રેરણારૂપી સંદેશ યોગીને પહોંચાડનાર છે.

૧૪ **વિશ્વવેદસ્, જાતવેદસ્** - જન્મેલા (જાત) વૈશ્વાનરના (વિશ્વ) વિકાસનો ક્રમ જાણનાર (વેદસ્) છે. વૈશ્વાનર એટલે જેણે ચૈતસિક,

માનસિક, ભૌતિક ત્રણે શરીરની ચેતનાને ધારણ કરી રાખેલ છે તે.

૧૫ **કવિઃ - કવિક્રતુઃ** - તે આર્ષદૃષ્ટા છે ત્રિક્નું (મન, પ્રાણ, શરીર) જ્ઞાન ધરાવનાર છે. તેવા જ્ઞાની માટે યજ્ઞ રૂપ છે (ક્રતુઃ)

૧૬ **માતરિશ્વા** = સાધનાની શરૂઆત પહેલા તે માતાના ખોળામાં સૂતેલા બાળક જેવો (માતરિશ્વા) તંદ્રામાં પડેલો હોય છે.

૧૭ **નરાશંસ** = યોગીઓથી (નરા) તે પ્રશંસા, સ્તુતિ પામેલો છે (શંસ) સારાંશ, અગ્નિ એટલે પ્રભુના સંકલ્પ પ્રમાણે પ્રકાશમય ઊર્ધ્વગતિ કરનાર ચેતના. તેણે જ પોતાના ભૌતિક સ્વરૂપમાંની દિવ્ય અદિવ્ય પ્રકૃતિનો સંઘર્ષ સહન કરીને નવો જન્મધારણ કરવાનો છે. તેણે યોગાગ્નિ બનવાનું છે. અદિતિનાં આઠ પુત્રો પૈકી અગ્નિ એક છે. અગ્નિને 'અપાંનપાત્' પણ કહ્યો છે. 'અપ' એ નિરાકાર ચેતનાનું પ્રતીક છે કારણ જળને પણ પોતાનો આકાર નથી. તે નિરાકાર - ચેતનામાં (અક્ષરપુરુષ) છુપાએલો (પાત્) અગ્નિ જ છે. તે વખતે અગ્નિ સુવર્ણ પ્રકાશ રંગનો છે એમ જણાવેલ છે.

**૧૮ અપાનપાસ્યેદુ હિરણ્યવર્ણઃ** (ઋ.૨.૩૫.૧૦) આ જે અપાન્પાત્ અગ્નિ છે તે જ મહાન સૂર્ય છે (અપાન્પાદસુર્યસ્ય મશ્વા ઋ.૨.૩૫.૨)

નિરાકાર આત્મારૂપી સૂર્યનો પ્રકાશ અષ્ટધા પ્રકૃતિનાં આઠ તત્ત્વો ધારણ કરે છે, તેથી વેદોમાં આઠ આદિત્યો કહેવામાં આવે છે. જે અદિતિના પુત્રો છે (અષ્ટ યોનિરયિતિરષ્ટ પુત્રા (અર્થવ - ૮-૯-૨૧) પંચ મહાભૂતો, મન, બુદ્ધિ અને અહંકાર આ અષ્ટધા પ્રકૃતિ છે. જ્યારે મન અદિતિનો (નિરાકાર ચેતનાનો) પ્રકાશ ધારણ કરે છે ત્યારે તેને મિત્ર કહે છે. કારણ તે બધાનો મદદગાર છે. વિશાળબુદ્ધિ જ્યારે પ્રકાશને ધારણ કરે છે ત્યારે તેને 'વરુણા' અથવા રેવતિ કહે છે. રેવતિ એટલે 'રવ' (શબ્દ) નિર્માણ કરનારી, વિચારોની જનની. જ્યારે અહંકાર તે પ્રકાશને ધારણ કરે છે ત્યારે તે બધાં જ બંધનોમાંથી મુક્ત થઈ 'અર્યમા' બને છે. અર્યમા એટલે મુક્ત, સ્વતંત્ર આ રીતે અદિતિનો પ્રકાશ જ મિત્ર, વરુણ અને અર્યમાની માતા છે જે અષ્ટધા પ્રકૃતિનાં જ અનુક્રમે મન, બુદ્ધિ, અહંકારના

પ્રકાશમય દિવ્ય સ્વરૂપો છે (**માતા મિત્રસ્ય રેવતો ડર્યમ્ણો** (ઋ. ૮.૪૭.૯)

નિરાકાર ચેતનાની શક્તિને જ 'આપો દેવતા' કહે છે તે દુરિત, દુર્ભાગ્ય ધોઈ નાખનારી છે. **ઈદમાપઃ પ્રવહત યત્કિંચ દુરિતં મયિ** (ઋ. ૧.૨૩.૨૨) તેથી તેને વૈદ્યોની માતા કહી છે **ભિષજો માતૃતમા** (ઋ.૬.૫૦.૭) તે પવિત્રતા આપે છે. **આપો વૈ પવિત્રમ્** (કાઠ, સં.૮.૮) **પ્રાણાઃ** (શત. બ્રા. ૩-૮-૨-૪) તે આ દુઃખી જગતમાંનું અમૃત છે. **અમૃતં વા એતદસ્મિન્ લોકે યદાપઃ** (ઐત.બ્રા. ૮.૨૦) તે સંપૂર્ણ જગતનો આધાર છે. **આપો સર્વસ્ય પ્રતિષ્ઠા** (શત. બ્રા.૪.૫.૨.૧૪)

અદિતિ અને આપોદેવતા એ નિરાકાર ચેતનાનો અનુક્રમે પ્રકાશ અને શક્તિ છે. આ બન્ને નિરાકાર ચેતનાના બે અવિભાજ્ય પાસાં છે. નિષ્ક્રિય અવસ્થા એ જ આપોદેવતા છે. દેવોમાં અદિતિ અને આપોદેવતા બન્નેનાં પાસાં હોય છે.

ખરેખર તો તે બન્ને અગ્નિનાં જ બે પાસાં છે. અગ્નિ અદિતિરૂપે જ્ઞાનદાતા છે, સમજણ આપનાર છે. ગાયત્રીરૂપ છે, તે જ આપોદેવતા સ્વરૂપે સર્જનશક્તિરૂપ છે, સાવિત્રીરૂપ છે.

---

(અનુ.પૃ.૬ ઉપરથી) **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન**

અવર્ણનીય અને અદ્ભુત ! એમની એ દિવ્યશક્તિનો થોડીક ક્ષણોનો અનુભવ પણ અસંખ્ય મનુષ્યોને દિવ્યજીવનની અનુપમ ભેટ આપનાર બની રહ્યો છે - આથી જ એમને મળનાર વ્યક્તિ પછી તે ભલે સાધક હોય કે ન હોય, તો પણ તેમને ક્યારેય ભૂલી શકતી નથી અને શ્રી માતાજી પણ એમને કદી ભૂલતાં નહીં. તેમણે પોતે જ કહ્યું હતું કે ''જેમને હું એક ક્ષણ માટે પણ મળી છું, તેમના જન્મોજન્મની જવાબદારી હું ઉપાડી લઉં છું.'' જ્યાં સુધી આત્મા પરમાત્મા સાથે તદ્રુપ ન બને, ત્યાં સુધી ભલે તેના કેટલાય જન્મો વીતી જાય, પણ શ્રી માતાજીની સહાય એ આત્માને જન્મોજનમ મળતી રહે છે અને એ વ્યક્તિ જાગ્રત હોય, નિષ્ઠાવાન અને શ્રદ્ધાળુ હોય તો તો શ્રી માતાજીની સહાયથી તે અનેક જન્મોનાં ચક્રોને ઠેકાવી લઈને ખૂબ ઝડપથી પરમાત્મા પ્રત્યે ગતિ કરી શકે છે.

પ્રાસંગિક

# શ્રી માતાજીનો મહિમા - શ્રી માતાજીનો મંત્ર

**- હિરણ્યમયી સ્માર્ત**

શ્રી માતાજીની એકસો છત્રીસમી જન્મજયંતીના પાવન પ્રસંગે તેમના દિવ્ય જન્મ અને કર્મ વિષે ચિંતન કરવું યોગ્ય ગણાય. જે ચિત્‌-શક્તિના આવિર્ભાવ તરીકે શ્રી માતાજી અહીં અવતર્યા તેને માટે શ્રી અરવિન્દે કહ્યું છે કે તે ચિત્‌-શક્તિ એટલી તો અનંતમુખી છે કે ગમે તેવું વેગવાળું અને શીઘ્રગ્રાહી મન કે મુક્ત અને સૌથી વિશાળ એવી બુદ્ધિ પણ એની ગતિનું અનુસરણ કરી શકે તેમ નથી. શ્રી માતાજીને સમગ્રતયા સમજવાનું શક્ય નથી, પરંતુ તેમની કૃપાથી જે જ્ઞાન મળે તે માટે વિનમ્ર પ્રયાસ કરીશું. સ્વલ્પ ચિંતન પણ અધ્યાત્મ-જગતના ઊંડા રહસ્યોનું ઉદ્‌ઘાટન કરી શકે છે.

શ્રી અરવિન્દે પોતાના પૂર્ણયોગમાં પરમ પ્રભુ અને તેમના પોતાનામાંથી જ પ્રગટ થયેલી પરમા ચિત્‌-શક્તિને સરખું મહત્ત્વ આપ્યું છે. આ ચિત્‌-શક્તિ દ્વારા સર્વનું સર્જન થતું હોવાથી તે માતૃ-શક્તિ તરીકે ઓળખાય છે. તેના સ્વરૂપ કે સત્‌-તા વિષે વિચારતા તેને માટે મા, અથવા મા ભગવતી એવા શબ્દો પ્રયોજાય છે. પૂર્ણયોગનું લક્ષ્ય શરીરમાં, જીવનમાં અને જગતમાં પૂર્ણતા અને દિવ્યતા સ્થાપવાનું હોવાથી કાર્ય-કારિણી, સિદ્ધિ-દાયિની એવી મા ભગવતીનો ખૂબ મહિમા છે.

શ્રી અરવિન્દે એક પત્રના ઉત્તરમાં લખ્યું છે :

**“દિવ્ય પ્રભુ પોતે સ્વામી છે - (સેલ્ફ) આત્મા અક્રિય છે, તે હમેંશા શાંત, સાક્ષીરૂપ રહી બધી વસ્તુઓને આધાર આપે છે - તે સ્થિર પાસું છે. એક સક્રિય પાસું પણ છે જેના દ્વારા દિવ્ય કાર્ય કરે છે - તેની પાછળ મા ભગવતી છે. તમારા ધ્યાન બહાર એ નહિ જ જવું જોઈએ કે મા ભગવતી દ્વારા સર્વ વસ્તુઓ હાંસલ થાય છે.”** (SABCL. Vol - 25 p.69)

આપણા આધ્યાત્મિક વારસાના કિંમતી રત્ન સમાન ‘દેવી અથર્વશીર્ષ’માં પણ આ સત્ય જણાવવામાં આવ્યું છે. પોતાનો પરિચય આપતાં મહાદેવી કહે છે :

**“અહં બ્રહ્મસ્વરૂપિણી। મત્તઃ પ્રકૃતિપુરુષાત્મકમ્ જગત્”**

“હું જ બ્રહ્મનું જ સ્વરૂપ છું. મારામાંથી પ્રકૃતિ - પુરુષાત્મક જગત ઉત્પન્ન થયેલું છે.” પરમ પ્રભુ (બ્રહ્મ) અને મા ભગવતી વચ્ચે કોઈ ભેદ નથી. જેમ પરમ પ્રભુ વિશ્વાતીત અને પરાત્પર છે તેમ પરમા મા ભગવતી પણ વિશ્વાતીત અને પરાત્પરા છે. શ્રી અરવિન્દે પોતાના પુસ્તક ‘ધ મધર’માં મા ભગવતી વિષે સમજાવતાં લખ્યું છે :

**“પરાત્પરા મા ભગવતીની ચેતનામાં પરમ બ્રહ્મ પોતે શાશ્વત સચ્ચિદાનંદ રૂપે સદા પ્રગટ રહેલ છે અને ઈશ્વર-શક્તિની એક છતાં દ્વિદલ ચેતનામાં તે મા ભગવતી દ્વારા પ્રગટ થાય છે, તથા પુરુષ - પ્રકૃતિના દ્વૈત તત્ત્વરૂપે તે જ વ્યક્ત થાય છે, - અનેક સૃષ્ટિઓમાં, અને સ્તરોમાં તથા દેવો અને દેવીઓમાં એ દ્વૈત-અદ્વૈત તત્ત્વને મા ભગવતી મૂર્ત સ્વરૂપ આપે છે, તથા જ્ઞાત અને અજ્ઞાત જગતોમાં જે કાંઈ છે તે સઘળું મા ભગવતીને લીધે જ સાકાર થયેલું છે.”** (‘મા’ પૃ.૩૮)

પરાત્પરા મા ભગવતીની વિશ્વાતીત પરમ ચેતના જેમનામાં સમાવિષ્ટ છે એવા શ્રી માતાજીને અનુલક્ષીને શ્રી અરવિન્દ દ્વારા રચાયેલો મંત્ર છે :

**ૐ આનન્દમયિ ચૈતન્યમયિ સત્યમયિ પરમે।**

આ મંત્ર, દિવ્ય આનંદ, ચૈતન્ય અને સત્યથી સભર તથા પરમાવસ્થા સંપન્ન શ્રી માતાજીને સંબોધન કરે છે અને તેમનું આવાહન કરે છે. ‘પરમ’ શબ્દ દ્વારા તેમની પરાત્પર, પરમ ચેતના અને શક્તિમત્તા દર્શાવાયા છે. આ મંત્ર, શ્રી માતાજીમાં રહેલા એ જ આનંદ, ચૈતન્ય અને સત્યનું અભીપ્સુની ચેતનામાં સંક્રમણ કરે છે. સચ્ચિદાનંદ પ્રભુના સ્વ-ભાવનો અનુબોધ કરે છે. આ મંત્ર શ્રી માતાજી સાથે આપણો સમ્યક્ સંબંધ સ્થાપે છે.

મા ભગવતીની સત્-તા અને શક્તિના ત્રણ પ્રકાર છે, વિશ્વાતીત, વૈશ્વિક અને વ્યક્તિગત. આ ત્રણે પ્રકારોને સમજાવતાં શ્રી અરવિન્દ લખે છે :


**“પ્રથમ, આદ્યા, પરમા શક્તિ છે, તે વિશ્વાતીત છે, તે અનંતકોટી વિશ્વોથી પર**

**ઊર્ધ્વમાં બિરાજે છે અને પરમ ઈશની સદા અવ્યક્ત રહસ્યમયતા સાથે તે આ સૃષ્ટિને સાંકળે છે. બીજી, જગદંબા સ્વરૂપ, વિશ્વરૂપિણી મહાશક્તિ છે. સર્વે પ્રાણીઓને તે સર્જે છે તથા વિશ્વમાં ચાલી રહેલી અસંખ્ય પ્રક્રિયાઓને અને શક્તિઓને પોતાનામાં ધારણ કરે છે તથા તેમાનામાં પ્રવેશીને રહે છે, તેમને ટકાવી રાખે છે તથા તેમનું સંચાલન કરે છે. ત્રીજું, તેનું વ્યક્તિ સ્વરૂપ છે. તેના વડે પોતાના બે વધારે મહાન સત્-તાના વિશ્વાતીત અને વિશ્વમય - પ્રકારોને પોતાનામાં મૂર્તિમંત કરે છે. એ સ્વરૂપોને જીવંત બનાવીને આપણી સમીપ લઈ આવે છે તથા માનવીની વ્યક્તિતા અને પ્રભુની, દિવ્ય, પરા પ્રકૃતિ એ બેની વચ્ચે સંયોગકારનું કાર્ય કરે છે.''**
('મા' પૃ.૩૬ - અનુ. અંબાલાલ પુરાણી)

શ્રી માતાજી, મા ભગવતીની શક્તિના વ્યક્તિ-સ્વરૂપ અવતાર હતાં. તેઓ પ્રભુની પરા પ્રકૃતિ અને સાધકોની વચ્ચે ખરેખર સંયોગકારનું કાર્ય કરતા હતા. આ વાત તેમની 'બાલ્કની-દર્શન'ની પ્રક્રિયાથી સમજાય છે. કેટલાંક વર્ષો સુધી શ્રી માતાજી બાલ્કનીમાં આવીને સાધકોને દર્શન આપતા હતાં એ કોઈ સામાન્ય ક્રિયા ન હતી. તેમના જ શબ્દોમાં જોઈએ તો એ ગૂઢ આધ્યાત્મિક પ્રક્રિયા હતી.

''દરેક સવારે, બાલ્કનીમાં, હાજર રહેલી દરેક વ્યક્તિની સાથે સભાન સંબંધ સ્થાપ્યા બાદ, હું મારી જાતને પરમ પ્રભુ સાથે એકરૂપ કરું છું અને તેમનામાં સંપૂર્ણપણે ઓગળી જવા દઉં છું. ત્યાર પછી પૂર્ણ રીતે અક્રિય એવું મારું શરીર એક વાહકથી વિશેષ કશું નથી હોતું, જેના દ્વારા પરમ પ્રભુ તેમની શક્તિઓને મુક્ત પણે વહેવા દે છે અને બધાની ઉપર, દરેકની ગ્રહણશીલતા અનુસાર, તેમનો પોતાનો પ્રકાશ, પોતાની ચેતના અને પોતાનો આનંદ રેડે છે.'' (C.W. - C.E. Vol. 16 P.230)

આ નાનું ઉદાહરણ શ્રી માતાજીના દિવ્ય-કર્મની વિશાળતા અને ગહનતા દર્શાવે છે. તેમનો મહિમા સમજવામાં મદદ કરે છે. શ્રી માતાજીનું આખું જીવન અને સઘળાં કર્મો પરમ અદ્‌ભુત ચૈતન્યની અવસ્થામાંથી નિષ્પન્ન થયા છે અને સિદ્ધ થયા છે. વિશ્વવ્યાપિની, વિશ્વાતીતા શ્રી માતાજીના વ્યક્તિ-સ્વરૂપના દર્શન કરવાની જેમને તક મળી તેઓ ભાગ્યશાળી જ કહેવાય.



# શ્રી અરવિંદ

Love in her was wider than the universe,
The whole world could take refuse in her single heart.
The great unsatisfied godhead here could dwell,
Vacant of the dwarf self's imprisoned air
Her mood could harbour his sublimer breath
Spiritual that can make all things divine.

Sri Auribindo (Savitri B-1, C-2, P-15-16)

## સાવિત્રીની આંતરિક સ્થિતિ

ભાવાનુવાદ

પ્રેમ તેનું વિશાળ બનતું, વિશ્વથી પણ આગળ વધે,
જગતો સમસ્ત હૃદયે તેનાં, આશ્રય લઈને સુખમાં રમે.
પરમાત્મા પણ નિઃસંકોચ આવી, તેના હૃદયે વાસ કરે,
અહં તણી બંધિયાર હવા ત્યાં, ક્ષણ માત્ર પણ ન ટકી રહે.
પરમાત્મા પણ દિવ્ય ભાવ-જગતે, પ્રસન્નવદને વિહાર કરે,
સ્પર્શે, અખિલ વસ્તુ દિવ્યતા અખૂટ ધરે.



## માતાજીનું બાળક

નિર્જન ગિરિ-શિખરે વસે, ગરુડ પક્ષીની જાત,
તેમ ઊર્ધ્વ-ચેતનામાં જ સ્થિત, મા મીરાંબાનો વાસ.

પણ બાળ-શિષ્યો ધરણી-તળે, જીવતા જીવન સામાન્ય,
ઊર્ધ્વ-ચેતને વિહરવા, તું શીખવે, મા તને ધન્ય.

દિવ્યશક્તિ ને ચેતના તણો, ભરાવે ગ્રાસ શતવાર,
બાળ-આત્માનાં શ્રદ્ધા-વિશ્વાસને, પોરસતા વારંવાર.

''તું બાળ પ્રભુ તણો, નિર્ભય, શક્તિસંપન્ન,
પ્રભુ વિશ્વાસે ઝંપલાવી દે, મારી સહાય અખંડ.''

બાળ-આત્મા ઝંપલાવતો, ચેતન-ગગને બની મુક્ત,
સાથે પ્રભુકાર્ય ધરાતલે, ઉપાડતો અવિરત.

બને ગરુડ પરમાત્મા તણો, સુણે પ્રભુનો એ સાદ,
દિવ્ય-જીવન મહોરાવતો, ધરે અતિમનસની વાટ.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત